સપ્ટેમ્બર ૨૦૨૬

# દાદાવાણી

કિંમત ₹ ૨૦





**બુદ્ધિ**

* આત્માનો ઈનડિરેક્ટ પ્રકાશ
* રિલેટિવ જ્ઞાન
* સંસારના લાભાલાભ બતાડે
* બીજાની ભૂલો બતાડે

**પ્રજ્ઞા**

* આત્માનો ડિરેક્ટ પ્રકાશ
* રિયલ જ્ઞાન
* સંસારમાંથી છોડાવી આત્મા તરફ લઈ જાય
* પોતાની ભૂલ બતાડે

**અહીં આ 'અક્રમ માર્ગ'માં અમે જ્ઞાન આપીએ છીએ ત્યારે પહેલી પ્રજ્ઞાશક્તિ ઉત્પન્ન થઈ જાય છે અને અજ્ઞાશક્તિ વિદાય લે છે. આ પ્રજ્ઞાશક્તિ જ તમને મોક્ષે લઈ જશે.**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈનો યુ.એસ.એ.- કેનેડા સત્સંગ પ્રવાસ : જુલાઈ - ઓગસ્ટ ૨૦૨૬

### ટોરેન્ટો : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૭ - ૧૮ જુલાઈ ૨૦૨૬


સત્સંગ


જ્ઞાનવિધિ

### એટલાન્ટા : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૩ - ૨૪ જુલાઈ ૨૦૨૬


સત્સંગ



જ્ઞાનવિધિ



### જેક્સનવિલે : ગુરુપૂર્ણિમા મહોત્સવ : તા.૨૮ જુલાઈ થી ૨ ઓગસ્ટ ૨૦૨૬


સ્વાગત


સત્સંગ






પૂજન - આરતી


દર્શન

વર્ષ : ૩૨, અંક : ૧
સળંગ અંક : ૩૭૩
**સપ્ટેમ્બર ૨૦૨૬**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2026
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૩ વર્ષ**
**ભારત :** ૭૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૪૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## મોક્ષ માટે ચેતવે પ્રજ્ઞાશક્તિ

### સંપાદકીય

જ્ઞાની પુરુષની કૃપાથી અક્રમ વિજ્ઞાનમાં ભેદજ્ઞાન પ્રાપ્ત થયા પછી માત્ર બે કલાકમાં જ 'હું ચંદુ છું'ની મૂળ રોંગ બિલીફ ઉડાડી અને 'હું શુદ્ધાત્મા છું' તેના પ્રતીતિ-લક્ષ-અનુભવદશામાં બેસાડી દીધા છે. જ્ઞાન મળ્યા પછી ઘણીવાર ડિસ્ચાર્જ કર્મોના દબાણમાં આપણે તન્મયાકાર થઈ જઈએ ત્યારે મહાત્માઓને એમ લાગે કે જ્ઞાન બધું જતું રહ્યું પણ ખરેખર એમ બનતું નથી. ત્યારે આત્માનું લક્ષ ખસી જાય છે પણ પ્રતીતિનો તાર નિરંતર જોઈન્ટ હોય છે. એટલે જ શુદ્ધાત્માની જાગૃતિ પાછી આવી જાય છે. આ જાગૃતિ પાછી કોણ લાવે છે ? 'પ્રજ્ઞાશક્તિ', એ આત્મજ્ઞાન થવાથી ઊભી થયેલી શક્તિ છે, જે ભૂલ થાય કે તરત ચેતવે.

પહેલું સ્થૂળમાં દેખાય તે ઈન્દ્રિય જ્ઞાનથી દેખાય. પછી સૂક્ષ્મમાં મન-બુદ્ધિથી જાણેલું બધું જ્ઞેયમાં જાય. પછી શુદ્ધાત્મા એ પ્રજ્ઞાથી જાણે ને પછી મૂળ આત્માથી. મન-બુદ્ધિ-અહંકારના બધા જ પર્યાયોને જાણે. ચંદુલાલ શું કરી રહ્યા છે એને જોયા-જાણ્યા કરવું એ શુદ્ધ ઉપયોગ કહેવાય. એટલે પોતાની પ્રકૃતિને નિહાળી, નિરંતર જાગૃત રહી, બીજા કશામાં પડે જ નહીં એ શુદ્ધ ઉપયોગ જે પ્રજ્ઞાનો છે. પ્રજ્ઞા ચેતવે ત્યારે 'આપણે' ઉપયોગમાં રહેવું જોઈએ, એ જ આપણો પુરુષાર્થ.

આત્માની પ્રજ્ઞાશક્તિ રિલેટિવ-રિયલ છે તેની જ જ્ઞાનક્રિયા છે. માત્ર જ્ઞાનક્રિયા અને દર્શનક્રિયાના કર્તા એટલે જ્ઞાતા-દ્રષ્ટા. આ મન-બુદ્ધિના આધારે જ્ઞાતાપણું નથી, આંખના આધારે દ્રષ્ટા નથી, ચિત્તના આધારેય નથી, આ પ્રજ્ઞાશક્તિના આધારે જ્ઞાતા-દ્રષ્ટા છે. બે વસ્તુ છે જોનારી - પ્રજ્ઞા અને આત્મા. જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી એ પ્રજ્ઞા ગણાય અને દેહ ના હોય ત્યારે આત્મા ગણાય. પણ આત્મા જાતે જોતો નથી, કેવળજ્ઞાન થતા સુધી પ્રજ્ઞાશક્તિ જ્ઞાતા-દ્રષ્ટા રહે અને પ્રજ્ઞાનું કામ પૂરું થાય, પછી આત્મામાં ભળી જાય એટલે આત્મા પોતે જ્ઞાયક તરીકે થઈ જાય. પ્રજ્ઞાનો ઉપયોગ છે, ત્યાં સુધી જોવું પડે અને આત્મામાં તો આખું જગત મહીં ઝળકે. આ જોનારને જે જુએ છે અને જાણનારને જાણે છે એવો મૂળ આત્મા, એ છેલ્લામાં છેલ્લો જોનારો અને તે જ આપણે !

જ્ઞાની કૃપાથી આત્માની પ્રતિનિધિ પ્રજ્ઞાશક્તિનો અંશ અનુભવ મહાત્માઓને જ્ઞાનવિધિ પછી શરૂ થાય છે, જે આપણને આજ્ઞા પાળવા માટે સતત ચેતવે છે. પણ ત્યાં જો જાગૃતિ પકડે નહીં તો આવરણ ફરી વળે. ત્યાં આજ્ઞાની સમજણ અને પાળવા માટેનો નિશ્ચય હોય તો સહેજે પળાય. આ વિજ્ઞાનને સમજી, પ્રજ્ઞાની ચેતવણી પ્રમાણે નિરંતર જાગૃતિ રાખી, પાંચ આજ્ઞા પાલન સાથે પ્રજ્ઞાશક્તિની દરેક જ્ઞાનક્રિયામાં તન્મયાકાર થયા વગર, જ્ઞાનની ક્ષપક શ્રેણીઓ માંડી, શુદ્ધ ઉપયોગમાં રહી અને જ્ઞાતા-દ્રષ્ટા પદ અનુભવી, કેવળજ્ઞાન દશા સુધી પહોંચીએ, એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# મોક્ષ માટે ચેતવે પ્રજ્ઞાશક્તિ

## પ્રજ્ઞાથી, શુદ્ધાત્મા સ્વરૂપની જાગૃતિ

**પ્રશ્નકર્તા :** (જ્ઞાન લીધા પછી) જે ખ્યાલ રહે છે કે 'મારું સ્વરૂપ આ છે અને આ બીજું છે.' એ જે સતત ખ્યાલ રહે છે એ કયા ભાગને છે ? એ કયો ભાગ છે ?

**દાદાશ્રી :** અમે જ્ઞાન આપીએ ત્યારે પ્રજ્ઞાશક્તિ ઉત્પન્ન થાય છે. એટલે આ શક્તિ જે ઉત્પન્ન થઈ છે, તે કામ કર્યા કરે છે. મારું સ્વરૂપ શુદ્ધાત્મા છે, એ તો પ્રજ્ઞા દેખાડે છે.

મેં જે સ્વરૂપ તમને આપ્યું છે તે સ્વરૂપમાં છો તો તમે શુદ્ધાત્મા સ્વરૂપ છો.

આ આત્મા તદ્દન છૂટો પાડેલો છે, અનુભવપૂર્વક. તમને એના અનુભવ સમજાય છેય ખરા. કારણ કે વારેઘડીએ ચેતવે છે ને મહીં ?

**પ્રશ્નકર્તા :** હા, હા, ચેતવે છે.

**દાદાશ્રી :** એ ચેતવે છે તે જ આત્મા છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** ચેતવે તે જ આત્મા.

**દાદાશ્રી :** હા, તે પ્રજ્ઞા છે. પણ અત્યારે એ પ્રજ્ઞા જ આત્માનો મૂળ ગુણ છે.

આ તમને 'શુદ્ધાત્મા' 'અમે' આપ્યો છે તે 'ફર્સ્ટ સ્ટેપ' છે. એની આગળ તો ઘણું છે. પછી શુદ્ધાત્માનું સ્વરૂપ એના ગુણ સાથે પ્રગટ થાય !

પહેલું છે તે શુદ્ધાત્મા અને જે પરમાત્મા છે તે જાતે ખુદ, રિયલ વસ્તુ છે. એ સ્ટેશન જુદું છે અને શુદ્ધાત્મા સ્ટેશન જુદું છે. શુદ્ધાત્મા એ તો વસ્તુ સ્વરૂપનું પહેલામાં પહેલું 'પરું' છે. પછી એવા કેટલાય 'પરાં' આવે, ત્યારે પછી મૂળ સ્ટેશન આવે. જેમ જેમ અનુભવ વધતા જાય ને, તેમ તેમ 'પરું' આગળનું આવતું જાય, સ્ટેશન બદલાતું જાય. આ પહેલા સ્ટેશને તમને ઉતારી પાડ્યા છે, મોક્ષની બાઉન્ડ્રીમાં. શુદ્ધાત્મા એ પહેલું સ્ટેશન, ત્યાંથી સેન્ટ્રલ સ્ટેશન તરફ જાય, ત્યારે પછી છેલ્લું સ્ટેશન આવે.

**પ્રશ્નકર્તા :** એય ખ્યાલ રહે છે કે આ બે છૂટું દેખાડે છે તે હું (આ) ન્હોય, હું આ છું.

**દાદાશ્રી :** એ તો બરોબર છે, પ્રજ્ઞા દેખાડે છે.

અહીં પેઠેલો જાગૃતિમાં રહ્યા કરે. જાગૃતિ નામનું પદ ઊભું થઈ જાય. પોતે પોતાના દોષ દેખતા થાય, પ્રજ્ઞાશક્તિ અને જાગૃતિ બે સાથે ચાલે. પ્રજ્ઞાશક્તિ એને વાળ વાળ કરે અને જાગૃતિ એ પકડી લે. પ્રજ્ઞા બધું દેખાડે છે, આ બધુંય છૂટું છૂટું દેખાડે છે.

## ભેદજ્ઞાન પછી ચેતવનારી પ્રજ્ઞાશક્તિ

**પ્રશ્નકર્તા :** દાદાએ ભેદજ્ઞાન આપ્યું, ભિન્ન બનાવ્યા. હું જુદો, દરઅસલ જુદો. પણ ચંદુભાઈ પુદ્ગલ તો રહેવાનું ને ?

**દાદાશ્રી :** રહેવાનું ને, એ પુદ્ગલ રહેવાનું. પુદ્ગલ આપણે અર્પણ કર્યું છે. હવે આ પુદ્ગલ છે તે વ્યવસ્થિતને આધીન છે. તે તેના વ્યવસ્થિતને આધીન ફર્યા કરશે, તમારે જોયા કરવાનું. એ પુદ્ગલ શું કરે છે એ જોયા કરવાનું. આટલો પુરુષાર્થ આપણો.

**પ્રશ્નકર્તા :** જોયા કરવાનું ને કો'ક દિવસ પુદ્ગલને ચેતવવાનું ખરું કે નહીં ?

**દાદાશ્રી :** હા, ચેતવવાનું ! પણ ગફલતમાં આવે તો ચેતવવાનું.

**પ્રશ્નકર્તા :** અરે, હાલતા ને ચાલતા ગફલત કરતો હોય છે.

**દાદાશ્રી :** ના, આ બધું તો ઉદયકર્મ કરાવે છે. પણ આપણે આ ઉઘાડી આંખે ચાલો અને સાવધાનીપૂર્વક ચાલો, બસ એટલું જ. એનો દુરુપયોગ ના થવો જોઈએ. નહીંતર પેલી જોવાની જાગૃતિ એની મંદ થઈ જાય. 'જુએ' તો તો એને કશું કરવાનું નથી. જે આજ્ઞામાં રહે તે 'જોતો' જ હોય ચંદુભાઈને, તો એને કશું વાત જ કરવાની જરૂર નથી, પણ એ જોતો ના હોય ત્યાં ચેતવવો પડે.

**પ્રશ્નકર્તા :** જાગૃતિની જે વાત કરી ને, જાગૃતિમાં રહેવાની ને ચેતતા રહેવાની. એનું આ આપણે વિવરણ કરીએ છીએ.

**દાદાશ્રી :** હા, બરોબર છે. જેને આ જ્ઞાતા-દ્રષ્ટા રહી શકાતું હોય, તેને છે તે આ વાતની જરૂર નથી અને જેને જાગૃતિ ના રહેતી હોય તો આપણે કહીએ કે હવે ઉઘાડી આંખે ચાલજો, ગાફેલ ના થઈ જાવ. નહીં તો વ્યવસ્થિત તો તમને ચલાવવાના છે પણ ગાફેલપૂર્વક ના હોવું જોઈએ અને જ્ઞાતા-દ્રષ્ટા રહે તેને ગાફેલય નહીં, કશું રહ્યું નહીં. એ આપણા હિસાબમાં જાય છે. ચંદુભાઈ શું કરે છે, એના જ્ઞાતા-દ્રષ્ટા તમે.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, કોઈ પણ પ્રસંગમાં ચંદુભાઈને જોવાના બદલે હું ચંદુભાઈ જ થઈ જઉં એટલે ગાફેલ થઈ ગયું કહેવાય ?

**દાદાશ્રી :** હા, એ ગાફેલ થઈ ગયું કહેવાય. કોઈ પણ પ્રસંગમાં આમ ચંદુભાઈને જોવાને બદલે તમે ચંદુભાઈ થઈ ગયા એ ગાફેલ. ત્યારે આપણે શું કહીએ છીએ કે ત્યાં ઉઘાડી આંખે ચાલો.

**પ્રશ્નકર્તા :** હા, પણ એવું કોઈ વખત થયા પછી આંખ ઊઘડી જાય છે. દાદા ચેતવી દે છે કે આ થઈ ગયું, હવે આને જુઓ.

**દાદાશ્રી :** હા. એટલે ત્યાં આપણે કહ્યું કે ઉઘાડી આંખે ઊભા રહો. એ આપણે જાગૃતિ રાખવાની. એવું થઈ જાય છે ને ? દાદાને કહેવા આવવું નથી પડતું ને ? વિજ્ઞાન બધું કામ કરી રહ્યું છે. તમને કોઈ જાતની ઉપાધિ નથી. સહજ રીતે કામ થઈ રહ્યું છે. ચેતવે હઉ, લોક કહે છે કે આત્માનો અનુભવ થતો નથી. અલ્યા મૂઆ, મહીં ચેતવતા નથી, આખો દહાડો ? હા. ત્યારે મૂઆ, એ જ આત્મા, બીજો કોણ આવે ? કોઈ પરદેશી છે તે મહીં પેસી ગયો છે ?

## તન્મયાકાર ના થવા દે એ પ્રજ્ઞાશક્તિ

**પ્રશ્નકર્તા :** આપણે એકાકાર ન થઈએ, એનું ધ્યાન તો પ્રજ્ઞા રાખે ને ?

**દાદાશ્રી :** હા, પ્રજ્ઞા જુદું ને જુદું રાખે, એકાકાર ન થવાય એનું જ્ઞાન જ તમને આપેલું છે. પ્રજ્ઞા તમને ચેતવે. ભૂલ થાય છે તે ઘડીએ તમને ચેતવે, બસ.

**પ્રશ્નકર્તા :** ચેતવાનું છે એ કેવી રીતે કહે છે ?

**દાદાશ્રી :** જાગૃત રહેવાનું. એકાકાર ના થઈ જાય 'પેલા' જોડે.

**પ્રશ્નકર્તા :** હા, વિશેષભાવ જોડે એકાકાર ન થાય, એ તો આત્માની ક્રિયા ન થઈ ગઈ, દાદા ?

**દાદાશ્રી :** આત્માની ક્રિયા ગણાતી જ નથી કશામાં.

**પ્રશ્નકર્તા :** ચેતવાની ક્રિયા ખરી કે નહીં આત્માની ? પ્રજ્ઞાની નહીં ? આત્માની કે પ્રજ્ઞાની ?

**દાદાશ્રી :** એ તો પ્રજ્ઞાની. એકનું એક જ ને બધું. આમાં બીજું કશું છે નહીં વસ્તુસ્થિતિમાં. એ ચેતવાનું આપણે નથી કહેતા ? ઉપયોગ રાખો. ઉપયોગ એ ચેતવાનું.

**પ્રશ્નકર્તા :** આ જે તન્મયાકાર થઈ જાય એ ?

**દાદાશ્રી :** હા, એ જ અજ્ઞાશક્તિ અને તન્મયાકાર ના થવા દે એ પ્રજ્ઞાશક્તિ.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા થયા પછી આપણા હાથમાં માત્ર જોવાનું જ છે ને ?

**દાદાશ્રી :** એ સમજવાની-જોવાની બધી શક્તિ પ્રજ્ઞાની છે. શુદ્ધાત્માની જે શક્તિ ઉત્પન્ન થાય છે એ પ્રજ્ઞાશક્તિ અને અહંકારની શક્તિ છે એ અજ્ઞાશક્તિ છે. એ બુદ્ધિ તરીકે હોય છે. જ્યાં ને ત્યાં નફો ને ખોટ બે દેખાડે. બસમાં બેઠો ત્યાંય નફો-ખોટ દેખાડે. જમવા ગયો હોય ત્યાંય નફો-ખોટ દેખાડે.

**પ્રશ્નકર્તા :** આપ સમજ પાડો છો એ પહોંચે છે કોને, દેહને કે આત્માને ?

**દાદાશ્રી :** આત્માને જ ને ! એ પણ કયો આત્મા ? જે શુદ્ધાત્મા છે તે નહીં, પ્રજ્ઞા નામની શક્તિ છે, તેની જોડે સત્સંગ ચાલ્યા કરે. દેહનેય નહીં, દેહ ને આત્મા બેની વચ્ચેની શક્તિ છે, તેને પહોંચે છે. પ્રજ્ઞાશક્તિ જ સમજે છે આ. અહીં સમજાવે, તેને કેચ અપ-ગ્રહણ કરે છે એ પ્રજ્ઞાશક્તિ છે.

## મહીં ચેતવે એ જ આત્મનુભવ

ચેતવાની એ તો સ્વભાવિક ક્રિયા છે. આખો દહાડો ચેતવે છે તે જ પ્રજ્ઞા છે. છૂટું ને છૂટું કર્યા કરે. આટલો બધો અનુભવ, આખા દિવસનો અનુભવ આપણને જુદા ને જુદા રાખે છે, નહીં ?

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** ભેગા થવા ના દે.

**પ્રશ્નકર્તા :** પ્રજ્ઞા જ્યારથી શરૂ થઈ, ત્યારથી આત્માના અનુભવની શરૂઆત થઈ ને ?

**દાદાશ્રી :** આત્માનો અનુભવ થઈ જ જાય. તો જ એ ચેતવે, નહીં તો 'હું આત્મા છું' એ લક્ષમાં જ ના રહે. આ તો નિરંતર લક્ષમાં રહે અને જાગૃતિય નિરંતર રહે છે. એ લાઈટ સળગ્યા જ કરે, પણ તમે બીજી જગ્યાએ જાવ તેમાં એ શું કરે ? અને આજ્ઞા પાળે એટલે નિરંતર લાઈટ જ હોય. આવું વિજ્ઞાન પૂરેપૂરું સમજી લે તો કામનું ! મહીં અંદર ચેતવે છે તમને ? કંઈક આઘાપાછા ફર્યા કે ચેતવે.

**પ્રશ્નકર્તા :** હા, તરત જ ચેતવે છે અંદર. એ અમારો અનુભવ છે.

**દાદાશ્રી :** હવે જે ચેતવે છે એ તમને લાગે છે ને કે તમારું કોઈ કર્તવ્ય નથી છતાંય એવું ચાલ્યા કરે છે ? હરેક ભૂલ થાય ત્યારે ચેતવે છે ને ? જ્યાં જ્યાં દોષ થાય ત્યાં ચેતવે છે ને ? એ શું છે ? પ્રજ્ઞા. દોષ થાય કે તરત ચેતવે આમ. એટલે આ વિજ્ઞાન છે એ ચેતન વિજ્ઞાન છે અને શાસ્ત્રજ્ઞાન હોય ત્યાં કરવું પડે આપણે. શાસ્ત્રમાં લખેલી વસ્તુ આપણે કરવી પડે અને આમાં તમારે કરવું ના પડે. એની મેળે થાય છે ને !

**પ્રશ્નકર્તા :** હવે આ પ્રજ્ઞા ચેતવ ચેતવ કર્યા કરે છે, એ તો અનુભવ થાય છે જ, પણ એની સાથે આપણો પોતાનો પુરુષાર્થ જોઈએ ને ?

**દાદાશ્રી :** શું પુરુષાર્થ ?

**પ્રશ્નકર્તા :** આ પ્રજ્ઞાની મદદથી ખબર પડે કે આ ખોટું થઈ ગયું છે, તો પછી ત્યાં આગળ પ્રતિક્રમણ કરી અને એ ચોખ્ખું કરી નાખવું જોઈએ ને ?

**દાદાશ્રી :** એ તો પ્રતિક્રમણનો પુરુષાર્થ હોય જ. પ્રતિક્રમણ થાય છે જ. જેને અતિક્રમણ થાય છે એને પ્રતિક્રમણનો પુરુષાર્થ થયા જ કરે છે. પુરુષ પુરુષાર્થ ધર્મ બજાવ્યા જ કરે છે.

એ પ્રતિક્રમણ બધું થઈ જ જાય, સહજ સ્વભાવે થયા કરે અને ના થતું હોય તો એણે કરવું જોઈએ. એમાં કરવાનું કશુંય નહીં, ભાવ જ કરવાનો. અજાગૃતિ હોય, તેનું હવે જાગૃત રહેવાનું.

## પ્રજ્ઞાથી ઊંધું ચલાવે કોણ ?

**પ્રશ્નકર્તા :** પ્રજ્ઞા ચેતવે છતાં એ પ્રમાણે ના થાય, તો એ ઊંધું કોણ કરાવે છે ?

**દાદાશ્રી :** એ પ્રમાણે ના થાય તે આપણે જ એવા અંતરાય પાડેલા. તે આપણે ઈચ્છા હોય તોય ના થાય.

**પ્રશ્નકર્તા :** આ બધું અંતરાય પાડેલા હોય ને, એનો ઉપાય શું ?

**દાદાશ્રી :** જે બની ગયું એ અંતરાયનું ફળ આવી ગયું. એ તો અંતરાય ભોગવ્યે જ છૂટકો અને નવા પાડવા ના જોઈએ.

## જાગૃતિ-ઉપયોગ એ પ્રજ્ઞાના

આત્મા આત્માના સ્વભાવમાં જ રહે છે. એ સ્વભાવ બદલાતો નથી. અજ્ઞાથી જગત ઊભું થયું છે અને પ્રજ્ઞાથી મોક્ષ થાય. અજ્ઞાથી એટલે બુદ્ધિથી, પ્રજ્ઞાથી એટલે જ્ઞાનથી. એટલે અજ્ઞા છે તે સંસારની બહાર નીકળવા ના દે. પ્રજ્ઞા સંસારમાં ટકવા ના દે, મોક્ષમાં લઈ જાય. એટલે ચેતવણી બધી પ્રજ્ઞાની છે, ચેતવે-કરે તે બધું.

**પ્રશ્નકર્તા :** ઉપયોગ એ કોનો ગુણ છે ?

**દાદાશ્રી :** હવે એ શુદ્ધ ઉપયોગ પ્રજ્ઞાનો છે અને શુભાશુભ ઉપયોગ અહંકારનો છે. તે પરાધીન છે, સ્વાધીન નથી અને આ પ્રજ્ઞાનો છે ને તે સ્વાધીન છે. આ પુરુષાર્થમય છે, પેલું કર્માધીન છે.

**પ્રશ્નકર્તા :** દાદા, ઉપયોગ એ આત્માનું લક્ષણ ગણાય ?

**દાદાશ્રી :** ના. આ ઉપયોગ, એનો યોગ શેમાં છે ? સ્વાભાવિક યોગમાં છે કે વિશેષભાવના યોગમાં છે ? તે વિશેષભાવના યોગ એય પણ ઉપયોગ કહેવાય. ઉપયોગ એટલે જાગૃતિપૂર્વક.

**પ્રશ્નકર્તા :** જાગૃતિના સંદર્ભમાં ઉપયોગ કોને કહેવો ?

**દાદાશ્રી :** જાગૃતિ આ સંસાર બાજુ વાપરવી તે દુરુપયોગ કહેવાય ને આ બાજુ, આત્મા ભણી, ધર્મ ભણી વાપરીએ તો સદુપયોગ કહેવાય, શુભ ઉપયોગ કહેવાય અને આત્મજાગૃતિમાં આવ્યા પછી શુદ્ધ ઉપયોગ કહેવાય.

**પ્રશ્નકર્તા :** ઉપયોગ મૂળ આત્માનો જ હોય છે ને ?

**દાદાશ્રી :** ના, આત્માનો ઉપયોગ ના હોય. આત્માને ઉપયોગ હોય તો તો એ થઈ ગયો ભંડારી, સર્વિસમેન થઈ ગયો. આ તો આપણા લોકો બધા એવું શિખવાડે, પણ આત્મા તેવો નથી. આ બહાર જે પ્રચલિત વાક્યો છે તેમાં એક પણ જગ્યાએ આત્મા નથી. આ તમારે માની લેવું. એ સૌ-સૌના સ્ટાન્ડર્ડ પ્રમાણે સૌ કોઈ બોલે છે, પણ સ્ટાન્ડર્ડાઈઝડ છે. આત્માને ઉપયોગેય નથી ને કશુંય નથી.

**પ્રશ્નકર્તા :** તો ઉપયોગ કોનો છે ?

**દાદાશ્રી :** ઉપયોગ બધો અહંકારીનો (વ્યવહાર આત્માનો), આત્મા પ્રાપ્ત કરે તે પહેલા આ બાજુ (ભૌતિક ભણી) ઉપયોગ જાય છે તે પર-ઉપયોગ કહેવાય અને આત્માની દૃષ્ટિ થયા પછી આત્મા બાજુ ઉપયોગ જાય છે તેને સ્વ-ઉપયોગ (પ્રજ્ઞાનો) કહેવાય છે, બસ. ઉપયોગ એટલે જાગૃતિ, તે કઈ બાજુ વાપરી તે જોવાનું.

## ફેર, ઉપયોગ અને જાગૃતિમાં

**પ્રશ્નકર્તા :** આત્માનો ઉપયોગ અને આત્માની જાગૃતિ એ બે વચ્ચે શું ડિફરન્સ (તફાવત) ?

**દાદાશ્રી :** ડિફરન્સ તો આ લાઈટ સળગ્યા કરતી હોય, આપણે કશું કામ ન કરીએ અને ઊંઘ્યા કરીએ, તો લાઈટ નકામી જાય ને ? અને

આ લાઈટનો પ્રકાશ હોય એ જાગૃતિ જ છે, પણ વાંચીએ તો ઉપયોગ કર્યો કહેવાય.

**પ્રશ્નકર્તા :** એટલે જાગૃતિને એક જગ્યા નક્કી કરવી, એનું નામ ઉપયોગ ?

**દાદાશ્રી :** જાગૃતિ તો હોય જ, જ્ઞાન આપીએ એટલે. એનું કામ કરી લેવું. જાગૃતિ તો વહી જાય એમ ને એમ, ઉપયોગ કરીએ તો કામ લાગે. ઈલેક્ટ્રિસિટી છે જ મહીં, એનું નામ જાગૃતિ, પણ બટન દબાવીએ તો અજવાળું થાય ને ! આ બટન દબાવીએ તે ઉપયોગ, નહીં તો ગરમીમાં આમ આમ હાથે કરીને પંખા ફેરવે. અલ્યા, બટન દબાય ને ! ઉપયોગ કર ને !

## જ્ઞાનનો અનુભવ પ્રજ્ઞાને

**પ્રશ્નકર્તા :** એક એવી વાત નીકળી હતી કે અજ્ઞાનનો જેટલો સજ્જડ અનુભવ થયો છે એવો જ્ઞાનનો સજ્જડ અનુભવ થવો જોઈશે.

**દાદાશ્રી :** જ્ઞાનનો ગાઢ અનુભવ થાય એટલે પછી ઉપયોગ દેવાનો રહ્યો નહીં, એમ ને એમ રહ્યા કરે. ગાઢ અનુભવ ના થયો હોય ત્યાં સુધી ઉપયોગ દેવો પડે. ઉપયોગ એ પુરુષાર્થ કહેવાય છે. અને પુરુષાર્થેય પૂરો ક્યારે પૂરો થાય ? ગાઢ થઈ ગયું એટલે પુરુષાર્થ પૂરો થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** તો અજ્ઞાનતાનો અનુભવ ઊભો થાય છે, ત્યારે એ ઉપયોગ દેવાની જરૂર છે ?

**દાદાશ્રી :** ઉપયોગ ત્યારે જ દેવાનો હોય ને !

**પ્રશ્નકર્તા :** એટલે એ અનુભવની અસરમાં પોતે ના લપટાય.

**દાદાશ્રી :** પોતાનો ઉપયોગ પાછો રાખે ને, તો અજ્ઞાનતાના અનુભવની અસરમાં લપટાય નહીં. એ ટાઈમ પોતાનો કહેવાય છે, સમયસાર કહેવાય. એ સમયસાર વગરનો ના થાય, નહીં તો સમયસાર ના કહેવાય, પરસમય કહેવાય. આત્માનો ઉપયોગ રહ્યો, એ સમયસાર બધો. જે સમય સ્વને માટે ગયો એ બધો સમયસાર અને જે સમય પરને માટે ગયો એ બધો પરસમય.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનનો અનુભવ કોને થાય છે અને જ્ઞાનનો અનુભવ કોને થાય છે ?

**દાદાશ્રી :** આ અજ્ઞાનનો અનુભવ બુદ્ધિને થાય અને અહંકારને થાય અને જ્ઞાનનો અનુભવ પ્રજ્ઞાને થાય.

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' એવું બોલે છે, તેય પ્રજ્ઞા જુએ છે ?

**દાદાશ્રી :** બોલે છે ટેપરેકર્ડ, પણ ભાવ પ્રજ્ઞાનો છે.

**પ્રશ્નકર્તા :** તો એ સહજ ક્રિયા પ્રજ્ઞાની થઈ ?

**દાદાશ્રી :** પ્રજ્ઞાની બધી ક્રિયાઓ સહજ જ હોય, સ્વાભાવિક જ હોય. પ્રજ્ઞા તો કામ કર્યા જ કરે છે એની મેળે, પણ તે ઉપયોગમાં 'આપણે' રહેવું જોઈએ. ઉપયોગ તો 'આપણે' રાખવો જ જોઈએ, ઉપયોગ ના રાખીએ તો કાર્ય બધા બગડ્યા કરે. એટલે ઉપયોગ એટલે શું ? ત્યારે કહે, 'જે બને છે એને જોયા કરો, એ શુદ્ધ ઉપયોગ.' હવે સાવધાની વગર થાય એ ઉપયોગમાં જ નથી.

**પ્રશ્નકર્તા :** સાવધાનીપૂર્વક કરવાની જે વાત છે. એ બળ આત્માથી આવે છે, ક્યાંથી આવે છે ?

**દાદાશ્રી :** જાગૃતિ છે એ તો બસ. બીજું કશું નહીં, એ જાગૃતિ ના રાખીએ ને મંદ રહીએ તો કામ બગડી જાય. એટલે એ જાગ્રત રહીએ તો કામ હેંડે. ઉપયોગમાં રહે તો આ કામ હેંડે.

## યથાર્થ શુદ્ધ ઉપયોગ

શુદ્ધ ઉપયોગ એટલે શું કે પોતાની જાતને શુદ્ધ જાણી અને તું શુદ્ધ જો. પોતાની જાતને 'હું

## શુદ્ધ ઉપયોગીને જગત નિર્દોષ

**પ્રશ્નકર્તા :** શુદ્ધ ઉપયોગ કઈ રીતે કરવો ?

**દાદાશ્રી :** ચંદુલાલ શું કરી રહ્યા છે, એને જોયા કરવું અને જાણ્યા કરવું એ શુદ્ધ ઉપયોગ કહેવાય. એટલે પોતાની પ્રકૃતિને નિહાળવી, એનું નામ શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ એટલે નિરંતર જાગૃત, બીજા કશામાં પડે જ નહીં. ખાય ખરા પણ ખાવામાં પડે નહીં, કશામાં. બધાને એટલું બધું જ્ઞાન ના રહે પણ અમુક રહે ને તોય બહુ થઈ ગયું. ચંદુભાઈ શું કરે છે એને તમે જુઓ ને, તોય બહુ થઈ ગયું. ચંદુભાઈ ખાવામાં રહેતા હોય તેને તમે જુઓ, તોય તમે ઘણા આગળ ચાલ્યા. આપણે અહીંયા જ્ઞાન લીધેલું હોય તે બધા શુદ્ધ ઉપયોગ રાખે. અને શુદ્ધ ઉપયોગ એટલે શું ? તે 'ચંદુભાઈ શું કરી રહ્યા છે, ચંદુભાઈનું મન શું કરી રહ્યું છે !' એ બધાને વિગતવાર જાણવું.

જેમ સિનેમામાં બેઠેલો માણસ ફિલમ અને પોતે, બન્નેને વિગતવાર જાણે છે કે નથી જાણતો ? એટલું વિગતથી એ જાણે ત્યારે એ શુદ્ધ ઉપયોગ કહેવાય. દ્રષ્ટા અને દ્રશ્ય એટલા બધા છેટા હોય કે ત્યારે એ શુદ્ધ ઉપયોગ કહેવાય.

હવે તેમાં શુદ્ધ ઉપયોગની શરૂઆત કેવી થાય ? ત્યારે જેમ કોઈ ધોલ મારતો હોય આપણને તે ઘડીએ તમને દેખાય, કે 'અહોહો, ચંદુભાઈ જેવા સારા માણસને પણ આ ધોલ મારે છે !' તમને દેખાય છતાં તમે માનો કે ભોગવે છે ચંદુભાઈ, માટે ભૂલ તો પોતાની જ ને ! આ બધું તમને એક્ઝેક્ટ દેખાય અને એ સામો માણસ શુદ્ધ દેખાય, એ શુદ્ધ જ છે. તમે જેવા શુદ્ધ છો, એવો એ શુદ્ધ જ છે. ભલે એણે જ્ઞાન નથી લીધું, પણ એ શુદ્ધ જ છે. એનામાં અશુદ્ધતા ના દેખાવી જોઈએ, બસ એટલું જ. આનું નામ શુદ્ધ ઉપયોગ. એને જો અશુદ્ધ માનશો તો તમારો ઉપયોગ બગડ્યો. 'શુદ્ધ છું' એવી પ્રતીતિ, લક્ષ ને અનુભવથી જો અને બીજાનામાં તે રૂપે જો, એનું નામ શુદ્ધ ઉપયોગ.

હવે વખતે કોઈ માણસ આવડો મોટો ફૂલોનો હાર ચડાવી ગયો, એટલે તે ઘડીએ આપણને એના તરફ ભાવ આવ્યો કે બહુ સારો માણસ હતો. અને પછી એક માણસે એ હાર તોડી નાખ્યો ને ફેંકી દીધો, આપણી પાસેથી લઈને. તો એના પર અભાવ થાય તે શુદ્ધ ઉપયોગ ના કહેવાય. એક પહેરાવે, એક તોડી નાખે. એક માન આપે, એક ગાળો ભાંડે પણ એનામાં ફેરફાર ના હોય. એ ફેરફાર થાય છે ત્યાં સુધી એ હજુ શુદ્ધ ઉપયોગ થયો નથી, જેટલો જોઈએ એવો.

**પ્રશ્નકર્તા :** ફેરફાર થાય જ છે, દાદા. અસર થઈ જાય છે.

**દાદાશ્રી :** એ ફેરફાર થાય એટલે જાણવું કે એટલો કચરો છે હજુ. શુદ્ધ ઉપયોગ એટલે આત્મા ભૂલાય નહીં. એટલે જેટલો વખત રાગ-દ્વેષ ના થાય, એ શુદ્ધ ઉપયોગ કહેવાય.

**પ્રશ્નકર્તા :** અહીંયા સત્સંગમાં બેઠા હોઈએ અને બધામાં આપણે શુદ્ધાત્મા જોઈએ એ શુદ્ધ ઉપયોગ કહેવાય ?

**દાદાશ્રી :** હા, તે બધામાં શુદ્ધાત્મા જોઈએ પણ કો'ક આવીને ધોલ મારે અને એનામાં શુદ્ધાત્મા ના દેખાય તો આપણે જાણવું કે ન્હોય શુદ્ધ ઉપયોગ. પોલીસવાળો જેલમાં લઈ જતો હોય, તે ઘડીએ પોલીસવાળામાં શુદ્ધ આત્મા જ દેખાય ત્યારે ખરું ! બૈરી ગાળો ભાંડતી હોય, તે ઘડીએ બૈરીમાં આત્મા શુદ્ધ દેખાય ત્યારે સાચું. એવો આત્મા અમે આપ્યો છે, તમારે જાણવાની જરૂર. મેં આત્મા આપ્યો છે કેવો ? નિવ્વળ, શુદ્ધ આત્મા આપ્યો છે. ક્યારેય પણ પાછો હતો એવો ના થઈ જાય. એટલે તમારી તૈયારી જોઈશે.

ત્યારે કહે, એ આત્મા તો શુદ્ધ છે, પણ બહારનો ભાગ ? બહારનો ભાગ તો આનો ખરાબ જ છે ને ? ત્યારે કહે, 'ના, તમારા માટે એ ખરાબ નથી, એના માટે ખરાબ છે.' 'ત્યારે હવે સાહેબ કંઈ એમાં ન્યાય બતાવો. કેમ અમારે માટે ખરાબ નહીં હોય ? ધોલ મારે છે વળી પાછો. રાજી થઈને મારે છે.' ત્યારે કહે, 'એ એના પોતાના માટે ખરાબ છે, પણ તમારા માટે ખરાબ નથી એ. કારણ કે તમારે સમજી લેવું જોઈએ કે આ કર્મના ઉદયે મારી રહ્યો છે. કોનું કર્મ ? જેને વાગે છે ધોલ, તેનું કર્મ. તો પછી એનો શો દોષ ?' કહો ! રીત હશે ને ? એવું નિર્દોષ જુએ ત્યારે શુદ્ધ ઉપયોગ. આપણને ગાળો ભાંડતો હોય તે ઘડીએ નિર્દોષ દેખાય, ત્યારે શુદ્ધ ઉપયોગ.

શુદ્ધ ઉપયોગ થાય તો ડખો જ નથી કોઈ જાતનો. સહેજેય ડખો નથી. એમાં બધું આવી ગયું છે. બીજા અમારા વાક્યો શુદ્ધ ઉપયોગ કરવા માટે છે. એક-એક વાક્ય આપેલું છે, બધા જુદા જુદા. સમજે તો ગોટાળો ના કરે એટલા માટે કહ્યું કે નિર્દોષ જ જગત છે, એમાં દોષિત શું જોવાનું ? વગર કામના બીજાના દોષ જુઓ ત્યારે ને !

હંમેશાં દોષ ક્યારે દેખાય ? તો આપણામાં દોષ ઊભો થાય કે તરત બીજાનો દોષ દેખાય. નિયમ જ એવો, નહીં તો દોષ ના દેખાય. એટલે આ બધો ઉપયોગ બગડી જાય પછી.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, બે વસ્તુ એક સાથે ચાલતી હોય, પેલા માણસનો દોષ પણ દેખાય. અને જ્ઞાન પણ કહે કે ભઈ, એનો કંઈ વાંક જ નથી.

**દાદાશ્રી :** દોષ તો બાહ્ય દૃષ્ટિથી દેખાય છે અને અંતર દૃષ્ટિથી નિર્દોષ દેખાય છે. એ નિર્દોષ દેખાય છે તે આપણું સમ્યક્ દર્શન. હવે નિર્દોષ ના દેખાડે તો એ માણસ કાચો પડી ગયો કહેવાય. એમાં શુદ્ધ ઉપયોગ નથી. કારણ કે પોતે શુદ્ધ, પોતાની જાતે (શુદ્ધ) રહેવું અને શુદ્ધ જોવું એ શુદ્ધ ઉપયોગ. નિર્દોષ જોવું, એનું નામ શુદ્ધ ઉપયોગ.

**પ્રશ્નકર્તા :** એટલે પોતે એકલો હોય ત્યારે પોતાની જાતને પણ શુદ્ધ જોવું, એ શુદ્ધ ઉપયોગ.

**દાદાશ્રી :** શુદ્ધ જુએ છે, એ તો માને જ છે. પણ પોતાની અંદરનું બધું જે સૂક્ષ્મ છે એ જ્ઞેયને જોવું.

ઉપયોગ શુદ્ધ કરવાનો છે. શુદ્ધ ઉપયોગ એટલે બહાર આમ જોઈએ તો શુદ્ધાત્મા જોવાય, પોતાનું સ્વરૂપ શુદ્ધ છે, બીજું શુદ્ધ જોવાય એ શુદ્ધ ઉપયોગ, ને અમારી આજ્ઞામાં રહ્યો એ સંપૂર્ણ શુદ્ધ ઉપયોગ.

## ઉપયોગમાં રહેવાની વાડ-આજ્ઞા

**પ્રશ્નકર્તા :** આપણા મહાત્મા જેમ જેમ જ્ઞાનને ઉપયોગમાં લાવે, તેમ તેમ તેમની જ્ઞાન અવસ્થા વધતી જાય કે પછી જ્ઞાન મળ્યા બાદ ઉપયોગ ન રાખવા છતાંય આપની કૃપાથી જ્ઞાનમાં સંપૂર્ણતા આવે જ ?

**દાદાશ્રી :** ઉપયોગમાં જ રહેવું જોઈએ. ઉપયોગ સંસારમાં હોય અને આપણું જ્ઞાન વધ્યા કરે એવું બને નહીં. સંસાર નિકાલી બાબત છે. નિકાલી બાબતમાં ઉપયોગ ના હોય. જે બને એ જોયા કરવાનું.

**પ્રશ્નકર્તા :** દાદા, તો સાચો ઉપયોગ કેવી રીતે રાખવો એ સમજાવો.

**દાદાશ્રી :** પાંચ આજ્ઞા એ સાચો ઉપયોગ જ છે. તમે બધામાં શુદ્ધાત્મા જુઓ, આ ફાઈલ છે એવું જુઓ, તોય શુદ્ધાત્મા જોયો કહેવાય કે શુદ્ધાત્મા જુઓ તોય ફાઈલ થઈ ગઈ. એટલે આ પાંચ આજ્ઞા એ જ ઉપયોગ છે. એથી પછી વધારે જ્ઞાન ઉપયોગ પછી વધતો જાય અંદર. ખરો ઉપયોગ વધતો જાય, આ વાડ છે ઉપયોગમાં રહેવાની.

ઉપયોગ રાખ્યા સિવાય જ્ઞાન વધે જ નહીં કોઈ દહાડોય. ઉપયોગ એટલે અત્યાર સુધી સંસારમાં ઉપયોગ હતો, આત્મા વર્તતો હતો સંસારમાં, તે હવે આત્મા આત્મામાં વર્તે, એનું નામ ઉપયોગ. આત્મા આત્મામાં વર્તે શી રીતે ? ત્યારે કહે, છોકરો દૂધ ઢોળતો હોય, તે જોયા કરે. ત્યાં જઈને વાળે ખરો. આપણે ત્યારે ચંદુલાલને કહેવું કે બાબાને વાળો, કષાય નહીં કરવાના. ઈમોશનલ નહીં થવાનું. તમને ઈમોશનલ કરાવડાવે, અજંપો કરે તે બુદ્ધિ. પ્રજ્ઞામાં અજંપો ના હોય.

શુદ્ધ ઉપયોગ રહેવો જોઈએ ફક્ત. જેટલો બને એટલો, એઝ ફાર એઝ પૉસિબલ. એને માટે રાતે પછી ચિંતા નહીં કરવાની, સૂઈ જવાનું નિરાંતે. એટલે મારું કહેવાનું કે એવું ઉજાગરો કંઈ કરવાનું નહીં. પણ જરા પુરુષાર્થ આપણે પુરુષ થયેલા છીએ એટલે વધુ રાખવો છે, એવો નિર્ણય-નિશ્ચય હોવો જોઈએ કે મારે હવે શુદ્ધ ઉપયોગ રાખવો જ છે. પછી ના રહ્યો એટલું નિકાલી બાબત. અને આપણે કંઈ ઉતાવળ કરવાની જરૂર નથી, રઘવાયા થવાની જરૂર નથી, મોક્ષ સામો આવશે. આ આજ્ઞા પાળવાની છે, બીજી કશી, મોક્ષની ચિંતા આપણે કરવાની જરૂર જ નથી. આ આજ્ઞાની ટિકિટ એવી છે કે ત્યાં જ લઈ જશે.

**પ્રશ્નકર્તા :** આજ્ઞા સમજવાની છે, દાદા.

**દાદાશ્રી :** હા, એ બધું સમજવાનું તો ખરું ને ! સમજવાની જ તો જરૂર છે. સમજ્યા જ છે ને ! ઘણાંખરાં સમજ્યા છે, પણ મહીં કેટલાકને કચાશ હોય સમજવામાં.

### ફેર, શુદ્ધ ઉપયોગ ને જ્ઞાતા-દ્રષ્ટામાં

**પ્રશ્નકર્તા :** શુદ્ધ ઉપયોગ, જોવું ને જાણવું અને જ્ઞાતા-દ્રષ્ટા એ ત્રણમાં શું ફેર ?

**દાદાશ્રી :** એ ત્રણેવ એક જ છે પણ શુદ્ધ ઉપયોગ લાંબો-પહોળો હોય. શુદ્ધ ઉપયોગ એટલે તમે કોઈને કહો કે તેં મને કેમ ગાળ દીધી ? તે એ શુદ્ધ ઉપયોગ તમારો ન્હોય. અને તમારા લક્ષમાં અગર ધ્યાનમાં હોય કે 'નગીનભાઈએ ચંદુભાઈને ગાળ દીધી' એવું તને રહે તો એ શુદ્ધ ઉપયોગ કહેવાય. 'આ નગીનભાઈએ મને દીધી' એમ કહે તો એ શુદ્ધ ઉપયોગ ના કહેવાય. કોઈ દોષિત ના દેખાય, એનું નામ શુદ્ધ ઉપયોગ. કોઈ દોષિત છે નહીં. જગત નિર્દોષ જ છે.

**પ્રશ્નકર્તા :** હવે આ જે બન્યું એ વખતે જોવું-જાણવું એટલે શું ?

**દાદાશ્રી :** રાગ-દ્વેષ નહીં કરવા એટલે જોવું-જાણવું કહેવાય.

**પ્રશ્નકર્તા :** એટલે ઉપયોગ કરતાં જોવું-જાણવું એક સ્ટેપ આગળ છે ?

**દાદાશ્રી :** ના. સહુથી સારામાં સારી વાત શુદ્ધ ઉપયોગની. શુદ્ધ ઉપયોગ, એ છેલ્લામાં છેલ્લું સ્ટેશન અને તેનું ફળ જોવું-જાણવું એ છે. શુદ્ધ જુએ-જાણે છે, તેને જ શુદ્ધ ઉપયોગ કહે છે. બીજી બધી બહુ રીતે શુદ્ધ ઉપયોગ કહેવાય છે. સામો પણ શુદ્ધ જ છે એવું લાગવું જોઈએ. તને લાગે ખરું એવું ?

### પ્રજ્ઞાનો શુદ્ધ ઉપયોગ

**પ્રશ્નકર્તા :** ચંદુભાઈ જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી તેનો ઉપયોગ તો વ્યવહારમાં જ હોય. તો પછી આપ જે શુદ્ધ ઉપયોગમાં રહેવાની વાત કહો છો એ કેવી રીતે બને ?

**દાદાશ્રી :** એ તો પ્રજ્ઞા થકી બનવાનું ને ! એટલે પોતે શુદ્ધ છે અને સામાનામાં શુદ્ધ છે ! પ્રજ્ઞા અને અજ્ઞા, બે ફેર ને ? પેલું અજ્ઞા કામ કરે ને આ પ્રજ્ઞા કામ કરે, એટલો જ ફેર !

**પ્રશ્નકર્તા :** આ ચંદુભાઈ વ્યવહારમાં છે...

**દાદાશ્રી :** એ બધી અજ્ઞા કામ કર્યા કરે.

અજ્ઞા અને પ્રજ્ઞા. અજ્ઞા એટલે બુદ્ધિ, પ્રજ્ઞા એટલે જ્ઞાન. પ્રજ્ઞા છે તે 'હું શુદ્ધ છું' એવું જાણે છે અને બીજો ગાળો દે છે તોય એના આત્માને 'શુદ્ધ છે' એમ જાણે છે. શુદ્ધ જાણવાનું છે, એમાં ફેરફાર ન થવો જોઈએ એ શુદ્ધ ઉપયોગ. શુદ્ધ જોવું. ગાયો-ભેંસો બધામાં આત્મા શુદ્ધ જોવો કે એ શુદ્ધ આત્મા છે. ગાળો ભાંડતો હોય, ગજવું કાપતો હોય તોય શુદ્ધ આત્મા, એની શુદ્ધતાને જોવી.

**પ્રશ્નકર્તા :** તો એ ચંદુભાઈનો શુદ્ધ ઉપયોગ કહેવાય ?

**દાદાશ્રી :** ચંદુભાઈનો શુદ્ધ ઉપયોગ હોય જ નહીં, પ્રજ્ઞાનો શુદ્ધ ઉપયોગ હોય. ચંદુભાઈનો ઉપયોગ એ તો અશુદ્ધ ઉપયોગ, શુભાશુભ ઉપયોગ. સારું જુએ ને ખોટું જુએ તેય નિકાલી ભાગ છે, ગ્રહણીય નહીં. તેય નિકાલી એટલે નિર્મૂળ થવાનું, બીજું ઉગશે નહીં. ચંદુભાઈ શું કરે છે એ જાણે એટલે બહુ થઈ ગયું, એ પોતાનો શુદ્ધ ઉપયોગ. ચંદુભાઈ આ બાજુ જુએ તેને આપણે જાણીએ કે ઓહો, ચંદુભાઈ આવું જુએ છે, તો એ પોતાનો શુદ્ધ ઉપયોગ !

## વ્યવહાર ને ઉપયોગ, બન્ને સાથે જ

**પ્રશ્નકર્તા :** રોજિંદા વ્યવહારની બધી ગોઠવણી કરતી વખતે શુદ્ધ ઉપયોગમાં રહી શકાય ખરું ?

**દાદાશ્રી :** વ્યવહાર કરતાં શુદ્ધ ઉપયોગમાં રહી શકાય એવું પૂછે, એ શુદ્ધ ઉપયોગને જાણતો નથી કાં તો વ્યવહારને જાણતો નથી.

**પ્રશ્નકર્તા :** એનો ડિફરન્સ જરા સમજાવો.

**દાદાશ્રી :** દરેક વ્યવહાર, ક્રિયા અને જ્ઞાતા બેઉ સાથે જ ચાલે. બેનો સાથે જ વ્યવહાર હોય.

**પ્રશ્નકર્તા :** એ બેનું સાથેપણું હોય જ વ્યવહારમાં ?

**દાદાશ્રી :** હોય જ, બધું સાથે જ છે પણ એની એને જાગૃતિ નથી.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, વ્યવહાર જે કરે છે, ક્રિયા જે કરે છે તે અને જે જ્ઞાતા જુએ છે એ બન્ને જુદા જ છે, પણ સાથે જ છે.

**દાદાશ્રી :** વ્યવહાર એ ક્રિયા કહેવાય અને આ ઉપયોગ એ જ્ઞાન કહેવાય. એક બાજુ જુઓ ને એક બાજુ ક્રિયા થાય, બન્ને સાથે જ ચાલે. જુદું જુદું ચાલે નહીં કોઈ દહાડો. દરેક ટાઈમમાં આત્મા હાજર હોય જ. આત્મા ગેરહાજર થાય નહીં, ક્રિયા ગેરહાજર થાય.

**પ્રશ્નકર્તા :** દરેક ક્રિયા વખતે જાગૃતિ રાખવી એ મુખ્ય વસ્તુ થઈ ને ?

**દાદાશ્રી :** જાગૃતિ રાખવાની હોય જ નહીં, એ હોય જ. આ તો અવળા ડાફાં મારે એટલે પછી ઊંધું થઈ જાય. આત્મા છે તે બીજે ક્યાં ગયો ? એ ક્રિયા કરતી વખતે કોણ કરે છે પછી ? અહંકાર ક્રિયા કરે, એને જ્ઞાતા જુએ. બરોબર ક્યાં નહોતું ને ક્યાં બરોબર થઈ ગયું, એવી શું ચૂક થઈ ગઈ, એ બધું આત્મા જુએ. એની એને ખાત્રી થઈ જાય પછી.

એક માણસ હોય, આંખો નથી એટલે આંધળો છે. શક્તિ બહુ છે, ઘોડા જેવી છે અને એક જણને બે પગ એના કપાઈ ગયા છે, એને આંધળાએ ખભા ઉપર બેસાડ્યો હોય, તો બન્નેનું ગાડું ચાલે કે ના ચાલે ? પેલો આંધળો કહેશે, 'ઉપર બેસ, ભઈ. તું મને દોરવણી આપજે.' ત્યારે આંધળો મહીં ક્યારે કચકચ કરતો હશે ? અડચણ આવે ત્યારે જ બૂમ પાડે. ત્યારે લંગડો એને દોરવણી કરે. દેખતો આત્મા જોયા કરે લંગડો અને આંધળો ચાલ્યા કરે, એવો વ્યવહાર ચાલે છે, આત્મા તે ઘડીએ જતો રહેતો નથી.

જ્યાં વ્યવહારને જ આત્મા માન્યો છે અને 'હું જ જ્ઞાતા છું', ત્યાં આગળ બે ભેગું ચાલ્યા કરે.

પેલું જુદું ના પડે. 'હું જ જોઉં છું ને હું જ કરું છું', પહેલા એવી સ્થિતિ હતી ને ? મેં સાંભળ્યું, મેં જોયું અને પોતાને જ્ઞાતા-દ્રષ્ટા માને પાછો.

એનું જ્ઞાતાપણું જતું ના રહે, તેમ દ્રષ્ટાપણું જતું નથી રહેતું, પણ અનુભવપૂર્વક થવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** અનુભવપૂર્વક એટલે શું ?

**દાદાશ્રી :** એક ફેરો જોયું હોય તો બીજી વખત દેખાય. જ્ઞાન એટલે અનુભવ. જેટલા અનુભવ થઈ ગયા એટલામાં હોય જ. દર્શન એટલે પ્રતીતિ. જ્ઞાન એટલે અનુભવ.

**પ્રશ્નકર્તા :** આ ફાઈલોનો નિકાલ કરતી વખતે તો ઉપયોગ મૂકવો પડે, તો તે વખતે કઈ દશા હોય ?

**દાદાશ્રી :** આ ફાઈલોનો નિકાલ કરતી વખતે ઉપયોગ મૂક્યો ને એ જ શુદ્ધ ઉપયોગ. એ ફાઈલને સમભાવે નિકાલ કરીને જવા દેવી, જ્ઞાને કરીને શુદ્ધ કરવી એ શુદ્ધ ઉપયોગ.

કેટલાક લોકોને અજાગૃતિ હોય છે ને, તે ફાઈલોનો નિકાલ થતો નથી અને એમ માનો ને તમને બહુ ભીડ આવી હોય તો મહીં કેટલો બધો નિકાલ કરવાનો રહી જાય. એકદમ બહુ ભીડ આવી હોય ને બહુ એટ એ ટાઈમ ફાઈલો આવી હોય તો કેટલાકનો નિકાલ થાય ને કેટલાકનો નિકાલ થયા વગર જતો રહે. થાય કે ના થાય એવું ?

**પ્રશ્નકર્તા :** હા, થાય. એવું બને !

**દાદાશ્રી :** તેવું આમને ભીડ ના આવી હોય તોય જતા રહે, તેવી વાત છે. ઉપયોગ રાખ્યા સિવાયનો વ્યવહાર ફરી ફરી સહીઓ કરાવવા માટે આવશે, ત્યારે ઉપયોગ રાખશો તો વ્યવહાર છૂટશે. જ્યારે ત્યારે એ જોઈને જ વ્યવહાર કાઢવો પડશે. એટલે આપણે કહીએ છીએ ને, તમારે જોયા વગર જતું રહેશે એ બધી ફાઈલો પછી ફરી આવશે.

આપણી આજ્ઞામાં રહ્યો તે શુદ્ધ ઉપયોગમાં રહ્યો કહેવાય. આ ફાઈલ આવી ને, એનોય સમભાવે નિકાલ કરવો. આમાં કંઈ ધ્યાન ના આપીએ, તો સમભાવે નિકાલ ના થયો કહેવાય. અને જો ધ્યાન આપીએ તો શુદ્ધ ઉપયોગ. અમારા પાંચ વાક્યો જ શુદ્ધ ઉપયોગવાળા છે.

હંમેશાં 'શું થશે' એવું પરિણામ બદલાય તો બધું બગડે. કશું થાય નહીં, કશું થનાર જ નથી. આપણો ઉપયોગ શુદ્ધ છે તો દુનિયામાંયે કોઈ નામ દેનાર નથી ને શુદ્ધ ઉપયોગ બગડ્યો કે બધું ચઢી બેસે.

**પ્રશ્નકર્તા :** આમ તો એવું કહેવાય છે ને શુદ્ધ ઉપયોગ બે ઘડી રહે તો સર્વાંશ કેવળજ્ઞાન થાય ને ?

**દાદાશ્રી :** ના થાય. શુદ્ધ ઉપયોગ એ કેવળજ્ઞાન જ કહેવાય છે, પણ એને અંશ કેવળજ્ઞાન કહેવાય છે. સર્વાંશ કેવળજ્ઞાન ના કહેવાય. કારણ કે પચતું નથી આ કાળમાં. અક્રમ છે ને !

તેથી જ હું કહું છું ને, કે એક ગુંઠાણું, અડતાલીસ મિનિટ સુધી બધાના શુદ્ધાત્મા એકધારા જોતા જોતા જાય તે શુદ્ધ ઉપયોગ. તે એક બાજુ ગધેડું દેખાય ને એક બાજુ શુદ્ધાત્મા દેખાય એમ જોતા જોતા જઈએ એનું નામ શુદ્ધ ઉપયોગ. બીજા જીવોને શુદ્ધાત્મા જુઓ, તે ઘડીએ શુદ્ધ ઉપયોગ હોય તમારો.

જેમ છે તેમ, યથાર્થ જોવાના જેના ભાવ છે, જ્ઞાની પુરુષની આપેલી દ્દષ્ટિએ જોવાના જેના ભાવ છે, એને શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત થાય જ !

હવે તો આપણે મૂળ વાત ઉપર જ આવી જવાનું. આપણે જે સ્ટાન્ડર્ડ જાણી ગયા, તે સ્ટાન્ડર્ડના પુસ્તકોની જરૂર ના રહી ને આપણે ? હવે આત્માની શું હકીકત છે અને હવે આત્મા તરીકે કેવી રીતે વર્તવું એટલું જ જોવાનું રહ્યું.

## પ્રજ્ઞાના ઉપયોગમાં જગત મહીં ઝળકે

**પ્રશ્નકર્તા :** એક વાર સત્સંગમાં આપે કહેલું કે એક સ્ટેજ એવી હોય કે ચંદુભાઈ કરે છે અને એમાં જ તન્મયાકાર હોય. બીજી સ્ટેજ એવી હોય કે ચંદુભાઈ જુદા અને પોતે જુદો. એટલે આ કર્તા જુદો અને પોતે જુદો. અને ત્રીજી ટોપની સ્ટેજ એવી છે કે ચંદુભાઈ શું કરે છે એને પણ જુએ છે, આત્મા ચંદુભાઈને જુએ છે, એ સમજાવો જરા.

**દાદાશ્રી :** શું સમજવાનું છે એમાં ?

**પ્રશ્નકર્તા :** એ સ્ટેજ કયું કહેવાય ?

**દાદાશ્રી :** એવું છે ને, આ જોવાના કાર્યોમાં પડ્યા છે તે એ કાર્ય જોવાનું સહજ હોવું જોઈએ. જોવાનું એને કરવું પડે છે, જ્ઞાતા-દ્રષ્ટા રહેવું પડે છે એટલે એનેય પણ જાણનારો છે ઉપર. જ્ઞાતા-દ્રષ્ટા રહેવું પડે છે. એ પછી મેનેજર થયો પાછો. એનો ઉપરી પાછો રહ્યો. છેલ્લા ઉપરીને જોવું પડે નહીં, સહજ દેખાયા જ કરે.

**પ્રશ્નકર્તા :** એટલે આ જ્ઞાતા-દ્રષ્ટા જોવું પડે છે 'એ' કોણ અને 'એને' પણ જે જુએ છે તે કોણ ?

**દાદાશ્રી :** 'એને' પણ જુએ છે તે 'મૂળ' (સ્વરૂપ). આ જોવું પડે છે તે વચલો, ઉપયોગ. એટલે એને પણ જાણનારો છેક છેલ્લી દશામાં. આ અરીસામાં આપણે આમ બેઠા અને અરીસો પેણે મૂક્યો તો આપણે બધા દેખાઈએ ને તરત ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એને કંઈ જોવું પડે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એવું આત્મામાં ઝળકે, બધું આખું જગત મહીં ઝળકે.

**પ્રશ્નકર્તા :** એ 'વચલો' કોણ, દાદા ?

**દાદાશ્રી :** ઉપયોગ.

**પ્રશ્નકર્તા :** એ ઉપયોગ પણ કોનો ઉપયોગ ?

**દાદાશ્રી :** એ પેલી 'પ્રજ્ઞા'નો. પ્રજ્ઞાના ઉપયોગમાં આવી ગયો. ખરેખર તો આપણી જે પ્રજ્ઞાશક્તિ છે ને, તે જ બધું જોનારી, એ જ આત્મા છે. પણ તે આત્મા જાતે જોતો નથી, પોતાની શક્તિ છે તે કામ કરે છે. તે જુએ એટલે થઈ ગયું. તમે જ્ઞાતા-દ્રષ્ટા થયા. એટલે એ તો પ્રજ્ઞા છે, મૂળ આત્માનો ભાગ, એનાથી બધું જોઈ શકાય. તમારામાં પ્રજ્ઞા ઉત્પન્ન થયેલી છે. પણ હજુ નિરાલંબ જ્યાં સુધી ના થાય, ત્યાં સુધી પ્રજ્ઞા ફુલ કામ કરે નહીં.

## ત્યાં સુધી પ્રજ્ઞા જ જ્ઞાતા-દ્રષ્ટા

**પ્રશ્નકર્તા :** આપણે જે આ જ્ઞાતા-દ્રષ્ટા ભાવમાં રહીએ છીએ એ પ્રજ્ઞા રહે છે કે આત્મા જ્ઞાતા-દ્રષ્ટાભાવમાં છે ?

**દાદાશ્રી :** ના, અત્યારે પ્રજ્ઞા જ્ઞાતા-દ્રષ્ટા. પ્રજ્ઞા એ આત્માનો જ ભાગ છે. અત્યારે બધું કામ પ્રજ્ઞા કરી રહી છે. એ પ્રજ્ઞા જ્યારે આત્મામાં એક થઈ જાય ત્યારે કેવળજ્ઞાન થાય અને કેવળજ્ઞાન થાય, થોડા વખત થયા પછી મોક્ષે જતો રહે.

**પ્રશ્નકર્તા :** અત્યારે આપ જ્ઞાની પુરુષનો આત્મા તો જ્ઞાતા-દ્રષ્ટા છે. અમારે પ્રજ્ઞા જ્ઞાતા-દ્રષ્ટા છે.

**દાદાશ્રી :** મારે હઉ એ પ્રજ્ઞા છે. કેવળજ્ઞાન ના થાય ત્યાં સુધી પ્રજ્ઞા.

**પ્રશ્નકર્તા :** તો પછી આત્મા બધું જાણે છે, જુએ છે. જાણે-જુએ તો આત્મા જ છે ?

**દાદાશ્રી :** એ જ, પણ એ પ્રજ્ઞા નામનો ભાગ.

**પ્રશ્નકર્તા :** તો જ્યારે આ જ્ઞાન લીધા પછી જે પોતાની પ્રકૃતિને જુએ છે, એ પોતે કોણ જુએ છે ?

**દાદાશ્રી :** એ જ આત્મા જુએ ને ! બીજું કોણ ? બધું આત્માને માથે. આત્મા એટલે પ્રજ્ઞા પાછી એ. અહીં પાછું સીધું આત્મા ના ગણવો. આત્મા એટલે પહેલા પ્રજ્ઞા જ આ બધું કાર્ય કરે છે પણ અમે આત્મા બોલીએ. બોલીએ એટલું જ !

**પ્રશ્નકર્તા :** હું તો પહેલા એવું સમજેલો કે આપણે મહાત્માઓને જ્ઞાન લીધા પછી, પ્રજ્ઞા છે એ જાગૃતિ બરોબર રાખે. કંઈક પણ દોષ થાય તરત જ એ ટકોર કરે કે 'આટલા આ... આ... દોષ થયા.'

**દાદાશ્રી :** હા, ચેતવે, ચેતવે.

**પ્રશ્નકર્તા :** પણ આ જે જ્ઞાતા-દ્રષ્ટા રહે છે એ બરાબર ખ્યાલ ન હતો.

**દાદાશ્રી :** ના, એ પ્રજ્ઞા જ બધે જ્ઞાતા-દ્રષ્ટા. આત્મા ફક્ત કેવળજ્ઞાન એકલું જ જોઈ શકે છે.

**પ્રશ્નકર્તા :** એટલે જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારે જ આત્મા જ્ઞાતા-દ્રષ્ટા થાય, ત્યાં સુધી પ્રજ્ઞા જ કામ કરે.

**દાદાશ્રી :** આય આત્મા જ કહેવાય. આને કંઈ જુદું પાડશો નહીં. એવું તમે આ જુદું પાડવા જશો, તો તમને સમજણ પડશે નહીં.

**પ્રશ્નકર્તા :** તો પછી પ્રજ્ઞા શું કરવા કહો છો, આત્મા જ કહી દો ને ?

**દાદાશ્રી :** હંઅ. તે એવું કહી દઈએ છીએ તેનું પણ આ લોકો પાછું એનું ઉપાડી લાવે છે. વિગત સમજણ પાડવા માટે કહેલી છે. વિગતનો અર્થ આવો ના કરશો કે આમ...

**પ્રશ્નકર્તા :** આ ઝીણું કાંતો તો પ્રજ્ઞા, જાડું કાંતવું હોય તો આત્મા. તો પછી મૂળ આત્મા ચેતવે નહીં ?

**દાદાશ્રી :** હા, એ મૂળ આત્મા ચેતવે નહીં, અત્યારે આ પ્રજ્ઞા ચેતવે. એ પછી એક જ થઈ જાય છે. તે ઘડીએ જ્યારે આપણું આખું રામાયણ પૂરું થાય, એય એક થાય.

જે જ્ઞાનથી સંસાર છૂટી જાય એ આત્મજ્ઞાન કહેવાય અને એ જ્ઞાન વપરાય તે ઘડીએ પ્રજ્ઞા કહેવાય.

જે વર્તનામાં રખાવે છે તે આત્મા છે અને જે શ્રદ્ધામાં રખાવે છે તે પ્રજ્ઞા છે. વર્તન એટલે ચારિત્ર.

**પ્રશ્નકર્તા :** આપનામાં એ જોનારને પ્રજ્ઞા કહેવાય કે આત્મા કહેવાય ? આપની બાબતમાં પ્રજ્ઞા ના કહેવાય કે પ્રજ્ઞા કહેવાય ?

**દાદાશ્રી :** પ્રજ્ઞા જ કહેવાય. પ્રજ્ઞા સિવાય તો બીજું કહેવાય જ નહીં. આત્મા તો કહેવાય જ નહીં. સંસાર દશામાં આ પ્રજ્ઞા જ કામ કર્યા કરે. ચેતવે, કરે એ બધું જ મહીં એ તો.

## એક્ઝેક્ટ સમજ, જ્ઞાતા-દ્રષ્ટા તણી

**પ્રશ્નકર્તા :** જ્ઞાતા-દ્રષ્ટાની વાત મને એક્ઝેક્ટ સમજાવો. જ્ઞાતા એટલે મન-બુદ્ધિના આધારે અને દ્રષ્ટા એ આંખના આધારે કે પછી ચિત્તના આધારે ? આંખ બંધ હોય તો દ્રષ્ટા શી રીતે થવાય ?

**દાદાશ્રી :** મનમાં જે વિચારો આવે ને, એ સૂક્ષ્મ સંજોગો છે. એને જોવા.

**પ્રશ્નકર્તા :** એ શેનાથી જોવા ? મનથી-બુદ્ધિથી ?

**દાદાશ્રી :** એ તમારે જે જોશો ને, તે મન-બુદ્ધિ નહીં હોય, ત્યાં આંખેય નહીં હોય.

**પ્રશ્નકર્તા :** આ જ ગૂંચ છે, ખબર નથી પડતી.

**દાદાશ્રી :** આ મન-બુદ્ધિથી જુએ છે ને, એ જ્ઞાતા-દ્રષ્ટાપણું ના કહેવાય. એટલે તમે સૂક્ષ્મ સંયોગોને જુઓ અંદર મનના સંયોગોને, એ જ્ઞાતાપણું. આ મન-બુદ્ધિના આધારે નથી જ્ઞાતાપણું,

દ્રષ્ટા આંખના આધારે નથી, ચિત્તના આધારેય નથી. આ પ્રજ્ઞાશક્તિના આધારે છે.

**પ્રશ્નકર્તા :** એ જ્ઞાતા-દ્રષ્ટા કોણ રહે છે ?

**દાદાશ્રી :** કંઈ ચંદુભાઈ ઓછા રહેવાના હતા ? ત્યાં અહંકાર ઓછો રહેવાનો હતો ? જ્ઞાતા-દ્રષ્ટા તો પ્રજ્ઞાશક્તિ, મૂળ આત્માની એજન્ટ છે, તે રહે છે !

**પ્રશ્નકર્તા :** આંખ બંધ હોય તોય દ્રષ્ટાપણું રહે ?

**દાદાશ્રી :** આંખો બંધ હોય કે ઉઘાડી હોય તોય રહે. એટલે આ બધું જે આંખથી દેખાય છે ને, એ જ્ઞાતા-દ્રષ્ટાપણું ના કહેવાય. બુદ્ધિથી સમજાય એ જ્ઞાતા-દ્રષ્ટાપણું ના કહેવાય. મહીં અંદર પ્રજ્ઞાથી આ મનની સ્થિતિ જુએ, મન શું શું વિચાર કરે છે એ બધું જુએ.

**પ્રશ્નકર્તા :** દરેકને જ્ઞાતા-દ્રષ્ટાપણું પ્રાપ્ત થાય ?

**દાદાશ્રી :** એ તો જ્ઞાની પુરુષ છે તે પાપ ધોઈ આપે ત્યાર પછી દેખાય, નહીં તો મનના પર્યાય દેખી શકે જ નહીં ને ! મોટા મોટા જાડા હોય તે દેખાય, બીજી વસ્તુ દેખાય જ નહીં ને ! વિચાર આવ્યા તે જુઓ, બધા જે વિચાર આવે એને જોયા કરવા.

આખી ફાઈલ નં.૧ શું કરી રહી છે, એને જુએ અને જાણે એ જ જ્ઞાતા-દ્રષ્ટાપણું. આ બહારનું તો આ બધા લોકોય એમ કહે કે અમે જાણીએ છીએ. આ બંગલો જોયો ને જાણ્યો. એ બહારનું ના જાણે. ઈન્દ્રિયજ્ઞાન જોડે હેલ્પિંગ ના હોય. આ આંખથી જુએ છે એ બધું આ ઈન્દ્રિયજ્ઞાનથી જ છે ને, આ બધું કાનથી સાંભળીએ, જીભથી ચાખીએ, એ બધું ઈન્દ્રિયજ્ઞાન છે. મનથી, એ મનને છઠ્ઠી ઈન્દ્રિય ગણાય છે. પછી બુદ્ધિથી, બુદ્ધિ એ તેનું તે જ. બુદ્ધિથી જાણે એટલું બધુંય અજ્ઞાન. એ બધું જ્ઞેયમાં જાય. હવે બુદ્ધિને અજ્ઞા કહે છે અને આ શુદ્ધાત્મા એ પ્રજ્ઞાથી જાણે. અજ્ઞાએ જે કરેલું પ્રજ્ઞા એ જાણે, એનું નામ છેલ્લું જ્ઞાન.

**પ્રશ્નકર્તા :** આજ્ઞામાં રહેવાથી હેલ્પિંગ થાય ને ?

**દાદાશ્રી :** આજ્ઞામાં રહ્યા એટલે બધું જ થઈ ગયું, કમ્પ્લીટ થઈ ગયો, જો એ આજ્ઞામાં રહ્યો તો !

## જ્ઞાતા-દ્રષ્ટા, બુદ્ધિથી કે આત્માથી ?

**પ્રશ્નકર્તા :** હું જ્ઞાતા-દ્રષ્ટા થઈને જોવાનો પ્રયત્ન કરું છું, તે ઘડીએ પણ બુદ્ધિ જ જોતી હોય એમ લાગે છે.

**દાદાશ્રી :** એ ખરું કહે છે. બુદ્ધિ જ જુએ છે. જ્ઞાતા-દ્રષ્ટા તો જ્યાં બુદ્ધિય ન પહોંચે ત્યાં જ્ઞાતા-દ્રષ્ટા શરૂ થાય છે.

'એ જ્ઞાતા-દ્રષ્ટા એ જોવાનો પ્રયત્ન કરું છું.' 'પ્રયત્ન કરું છું' કહે છે માટે તે બુદ્ધિ જ છે. હવે બુદ્ધિનું ચલણ હોય તે વખતે બુદ્ધિ જોતી હોય એમ લાગે છે પણ એ જે કહે છે તે જ્ઞાન છે. તે 'તમે' 'જોયું' આ. 'જોયું' એટલે જ્ઞાતા તરીકે જોયું ના કહેવાય, પણ આ દ્રષ્ટા તરીકે 'જોયું.' કારણ કે જ્ઞાતા-દ્રષ્ટા તરીકે જોયું ક્યારે કહેવાય ? 'એવું લાગે છે' ત્યારે દ્રષ્ટા તરીકે જોયું અને 'જાણવામાં આવે છે' ત્યારે જ્ઞાતા તરીકે જાણ્યું. જોનાર તો 'તમે' કે બીજા કોઈ સાહેબ આવ્યા હતા ?

**પ્રશ્નકર્તા :** પણ 'એ લાગે છે' એવું જે કહે છે એ બુદ્ધિ જ કહે છે, એમ લાગે છે.

**દાદાશ્રી :** એ બુદ્ધિ નથી. એ બુદ્ધિ જોવામાં હોય, એટલે કે બુદ્ધિ પેણેથી જુએ છે અને એ શું જુએ છે, એને 'આપણે' જાણીએ છીએ કે 'આ બુદ્ધિ જ જોઈ રહી છે, હું નથી જોતો.' એટલે

બુદ્ધિને જે જુએ છે તે આપણે છીએ. એટલે ત્યાં આપણે પોતે દ્રષ્ટા તરીકે કામ કરીએ છીએ. એટલે જોનાર કોણ છે તે આપણે ખોળી કાઢ્યું. એટલે આ દ્રષ્ટા કામ કરે છે ખરો !

**પ્રશ્નકર્તા :** પણ બુદ્ધિથી પર જવાતું નથી, તો આ બુદ્ધિમાં રહીને જ જોવાય છે ?

**દાદાશ્રી :** ના, બુદ્ધિથી પર તો જવાયું જ છે. પણ બુદ્ધિને હજુ પોષણ મળે છે. બુદ્ધિને પોષણ મળે તે અમુક કારણોને લઈને, તે ધીમે ધીમે ઓછું થઈ જાય છે. બાકી બુદ્ધિથી પર તો જવાયું છે, નહીં તો બુદ્ધિ અહીં એમને રોજ આવવા ના દે.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ જરાક ડખો કરે ત્યારે કહીએ કે એક બાજુ બેસ. હું તો દાદા પાસે જઈશ. મેલ પૂળો !

**દાદાશ્રી :** હા, એટલે 'મેલ પૂળો' કહીએ !

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ ડખો કરતી નથી દાદા પાસે આવવામાં, એ તો આવે છે બરાબર પ્રેમથી.

**દાદાશ્રી :** પ્રેમથી એટલે જ બુદ્ધિથી ઉપર ગયેલું છે તે આ જ્ઞાન. આ પ્રજ્ઞાનું કામ છે.

બુદ્ધિ આ જુએ છે પણ આપણને મનમાં લાગ્યું કે 'હું જોઉં છું', તે ભ્રાંતિ છે. આ બધી જ્ઞેય વસ્તુનો જ્ઞાતા-દ્રષ્ટા 'હું' નથી લાગતો, પણ આ બુદ્ધિ લાગે છે. પણ આ બુદ્ધિનો જ્ઞાતા-દ્રષ્ટા કોણ ? આત્મા. લોકો તો આને શું બોલે ? 'હું જ જોઉં છું, હું જ જોઉં છું' એવું લાગે છે. પણ તમે શું કહો છો ? 'આ બુદ્ધિ જુએ છે' એવું લાગે છે. નહીં તો લોકો તો એવું જ કહે, કે 'મને આ દેખાય છે' ને તે 'હું જોઉં છું' એ જ ભ્રાંતિ છે.

જો 'જાણવામાં' આવે તો રિયલ (ખરો) જ્ઞાતા કહેવાય. તે આ જ્ઞાતા-દ્રષ્ટા ! અને તમને વારેઘડીએ અનુભવમાં આવે જ છે, પણ આવો તાળો બેસાડવો પડે.

**પ્રશ્નકર્તા :** એ ડિમાર્કેશન કેવી રીતે ખ્યાલ આવે કે આ બુદ્ધિનું જોવા-જાણવાનું છે અને આ 'પોતાનું' જોવા-જાણવાનું છે ?

**દાદાશ્રી :** બુદ્ધિનું તો આમ આંખે દેખાય તે જ જોવા-જાણવાનું અથવા કાનથી સંભળાય તે, જીભથી ચખાય તે, એ બુદ્ધિ બધી.

**પ્રશ્નકર્તા :** એટલે આ ઈન્દ્રિયનું થયું પણ બીજું બધું પણ અંદર ચાલતું હોય ને બુદ્ધિનું દેખાવાનું કે આ પક્ષપાતી છે, આવા છે, તેવા છે એ બધું પણ બુદ્ધિ જ જુએ ને ?

**દાદાશ્રી :** આ બધું જુએ, એ બુદ્ધિનું જ. અને આત્માનું જ્ઞાન-દર્શન તો જોવું ને જાણવું એ જુદી વસ્તુ છે. દ્રવ્યોને જુએ-જાણે, દ્રવ્યના પર્યાયને જાણે, એના ગુણને જાણે એ બધું જાણવું-જોવું, એનું નામ આત્મા. અગર તો મનના બધા પર્યાયને જાણે. બુદ્ધિ તો મનના પર્યાય અમુક હદ સુધી જ જાણી શકે, જ્યારે આત્મા મનના બધા જ પર્યાયને જાણે. બુદ્ધિને, પરિસ્થિતિને જાણે, અહંકારના પર્યાયો જાણે, બધું જ જાણે. જ્યાં બુદ્ધિ ના પહોંચે, ત્યાં પછી એનું ચાલુ થાય.

**પ્રશ્નકર્તા :** એ બુદ્ધિ ક્યાં સુધી જોઈ શકે ?

**દાદાશ્રી :** અમુક હદ સુધીનું. સાંસારિક જ્ઞાન ચાલે, સંસારી કામકાજ.

**પ્રશ્નકર્તા :** એટલે આ જોવું-જાણવું જે કીધું આત્માનું, એ દ્રવ્યોને જાણે ?

**દાદાશ્રી :** હં !

**પ્રશ્નકર્તા :** એ દ્રવ્યને, દ્રવ્યના ગુણધર્મ અને દ્રવ્યના પર્યાયને એટલે એ કેવી રીતે, એમાં શું શું જોઈ શકે ? એનો એક્ઝેક્ટ દાખલો આપો ને !

**દાદાશ્રી :** આ કોના ગુણધર્મ છે એ બધું જાણે. પુદ્‌ગલના ગુણધર્મ છે કે ચેતનના ગુણધર્મ

છે. પછી બીજા ગુણધર્મો જાણેય બધા. આકાશના ગુણધર્મ શું છે એ બધું જાણે. પછી કાળના શું ગુણધર્મ છે એ જાણે.

**પ્રશ્નકર્તા :** એ ગુણધર્મ કહો ને ! કાળના ગુણધર્મ શું ? આકાશના ગુણધર્મ શું ?

**દાદાશ્રી :** એ તો પિસ્તાળીસ આગમ જાણ્યાનું ફળ, તે આ બધા ગુણો જાણવા. કાળના, આકાશના, બધાના ગુણો, ગુણધર્મ જાણવા તે.

**પ્રશ્નકર્તા :** આત્માની જ્ઞાનક્રિયા ને દર્શનક્રિયામાં જો એવું જાણવા-જોવાનું હોય તો પછી અત્યારે તો અમને બધાને તો એવું ના હોય ને દ્રવ્યનું જોવું-જાણવું ?

**દાદાશ્રી :** એ એવું કંઈ ઉતાવળ કરવાનો અર્થેય નહીં ને ! એવું ના જાણવા-જોવાથી કંઈ ઓછી માંકણ મારવાની દવા પી જવાય ?

**પ્રશ્નકર્તા :** તો ત્યાં સુધી શું હોય ? તો એ જ્ઞાન-દર્શનનું જોવાપણું ના રહ્યું એવું થયું ?

**દાદાશ્રી :** રાગ-દ્વેષ ના થાય એટલે આપણે જાણવું કે આપણું જ્ઞાન પામ્યા છે, સારું છે. રાગ-દ્વેષ થાય એટલે સંસાર બંધાય છે એ નક્કી થઈ ગયું. રાગ-દ્વેષ ના થાય એટલે આપણે આપણી ગાડી ચાલુ છે, રાજધાની એક્સપ્રેસ. તારે જોવાનીય જરૂર નહીં, ચાલે છે કે નહીં !

## પ્રજ્ઞાની માત્ર જ્ઞાનક્રિયાઓ

**પ્રશ્નકર્તા :** આ પુદ્ગલની બધી વસ્તુ જે જુએ છે એ જોવાની બધી જે ક્રિયા છે, એ બુદ્ધિક્રિયા છે કે જ્ઞાનક્રિયા છે ?

**દાદાશ્રી :** એ આમ જાય તો પ્રજ્ઞાના ભાગમાં જ જાય ને ! અહંકાર અને બુદ્ધિની ક્રિયાથી થોડું સમજ પડે, બાકી પ્રજ્ઞા સિવાય ના સમજ પડે.

પ્રજ્ઞા એ જ્ઞાનનું સ્વરૂપ જ છે, એનો ભાગ જ છે. પણ જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી એ પ્રજ્ઞા ગણાય અને કાર્ય એ જ કરે છે બધું. અને દેહ ના હોય ત્યારે આત્મા ગણાય.

**પ્રશ્નકર્તા :** કારણ કે આત્મા કશું કરતો નથી એટલે એના એજન્ટ તરીકે પ્રજ્ઞા બધું કરે છે ?

**દાદાશ્રી :** હં, એ કર્તા તરીકે નહીં, જ્ઞાનક્રિયાઓ કરે છે.

એ જ પ્રજ્ઞાશક્તિની જ જ્ઞાનક્રિયા. અત્યારે પેલી જ્ઞાનક્રિયા તો ઉત્પન્ન થઈ. પછી આ બધી ફાઈલોનો નિકાલ થઈ જશે ત્યારે વિજ્ઞાનક્રિયા.

## આત્માની જ્ઞાનક્રિયા ને દર્શનક્રિયા

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં માત્ર જ્ઞાતા-દ્રષ્ટા તરીકે છું એવું કેવી રીતે રહેવાય ?

**દાદાશ્રી :** વ્યવહારમાં પોતે કર્તારૂપે છે અને ખરી રીતે છે તે જ્ઞાતા-દ્રષ્ટા છે. હવે વ્યવહારમાં કર્તા શાનો ? ત્યારે કહે, સંસારનો કર્તા છે અને ખરી રીતે જ્ઞાતા-દ્રષ્ટા એટલે દર્શનક્રિયા ને જ્ઞાનક્રિયાનો કર્તા. બીજી કોઈ ક્રિયા નહીં, ત્યાં સાંસારિક ક્રિયા નહીં.

જ્ઞાન ઉપયોગ એ જ્ઞાનક્રિયા કહેવાય અને દર્શન ઉપયોગ એ દર્શનક્રિયા કહેવાય. હવે જ્ઞાન ઉપયોગ શું ? ત્યારે કહે, આ જે ક્રિયાવાળું પુદ્ગલ છે તે પોતાની ક્રિયામાં પરિણમન કરે છે, એ બધી ક્રિયાઓને જોનાર આ જ્ઞાન ઉપયોગ ! કોઈ પૌદ્ગલિક ક્રિયાનો કર્તા નથી. એ પોતાના સ્વભાવનો કર્તા છે, નહીં કે પરભાવનો કર્તા છે.

મોક્ષને માટે જ્ઞાનક્રિયાની જરૂર છે. અજ્ઞાનક્રિયા એ બંધન છે. અત્યારે તમે કરો છો ને, તે ચંદુભાઈ કરે છે એવું તમે જાણો છો, 'વ્યવસ્થિત' કર્તા છે એવું જાણો છો. તમે જોયા કરો છો એ જ્ઞાનક્રિયા છે. તમે જે નિકાલ કરો છો એ બધી જ્ઞાનક્રિયા કહેવાય. તે જ્ઞાનક્રિયાથી મોક્ષ.

જ્ઞાન સહિત જે કંઈ ક્રિયા થાય, તેના આધારે મોક્ષ થાય. જ્ઞાન ઉપયોગ એ જ્ઞાનક્રિયા કહેવાય. અને જ્ઞાનક્રિયાથી આ બધો ઉકેલ આવી ગયો.

### જ્ઞાનધારા-ક્રિયાધારા ચાલે બે ભિન્ન

**પ્રશ્નકર્તા :** તે હું સમજવા માગતો હતો કે આ કર્તૃત્વની ધારા અને જ્ઞાતૃત્વની ધારા ભેગી ના ચાલે એમ કહેલું હતું, પણ આપણે તો બે ભેગી ચાલવી જ જોઈએ ?

**દાદાશ્રી :** ના, ભેગી ચાલવી જોઈએ નહીં. એવું છે ને કે કર્તૃત્વની ધારા જે આવે છે તે ઉદયને આધીન છે અને આપણે જ્ઞાતા છીએ.

**પ્રશ્નકર્તા :** એટલે પેલી થઈ રહી છે અને આ જોનારો છે.

**દાદાશ્રી :** હા, પેલું થઈ રહ્યું છે ને આ જોયા કરે છે. બીજું કશું ખેલ કરવાનો નથી. ચંદુભાઈને જાણ્યા કરવું એ જ આત્મા, શુદ્ધાત્મા. કારણ કે કરનારો અને જાણનારો બેનો ભેગો વ્યવહાર જુદો પડ્યો. પહેલા ભેગો વેપાર હતો, કરનારોય હું અને જાણ્યુંય મેં. એટલે શું થતું'તું ? બે ધારા, જાણ્યાની ધારા એ અમૃતધારા અને કરવાની ધારા એ વિષધારા, બે ભેગી થઈને ધારા ચાલી. એટલે આપણે જ્ઞાન પછી શું થયું ? બે ધારાને જુદી પાડી દીધી. હવે આ શુદ્ધાત્માની અમૃતધારા જુદી અને આ વિષધારા જુદી. તેમાં આ વિજ્ઞાન છે, આમાં સહેજ ભૂલ ખાશો તો માર ખઈ જશો. શિયાળાના દહાડે આ બટન દબાવ્યું, તો આખી રાત બધા પેલા પંખા ફર ફર ચાલવા માંડ્યા. તે ઘડીએ શી દશા થાય ? મારી પાસે આવીને જરા સમજવું પડે આ વિજ્ઞાન ! એ બહુ સમજવા જેવું છે.

**પ્રશ્નકર્તા :** પણ કોઈ વખતે જે કરી નાખું અને મનમાં થયું કે મેં ક્યાં આવું કરી નાખ્યું તો ?

**દાદાશ્રી :** 'મેં' આવવું નહીં જોઈએ. 'મેં' શબ્દ, પોતે કર્તા જ નથી ત્યારે પછી 'મેં કર્યું' એવું બોલાય કેમ કરીને આ તો ? પોતે કર્તા જ નથી કોઈ ક્રિયાનો, જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયો. તમને કયું પદ આપ્યું છે ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાતા-દ્રષ્ટાપદ.

**દાદાશ્રી :** અને તમે 'મેં કર્યું' આમ કહો, એ તો ઈન્વોલ્વ થયો, એ તો ખોટું જ છે ને ! 'મેં કર્યું' એ તમે કહી શકો જ નહીં. તમને શંકા પડે છે, તો એ વૃત્તિઓ વહી જાય છે, તમે પોતે જતા નથી. આ તો વૃત્તિઓ જાય છે. એટલે જાણે કે હું પેઠો. અરે, નથી પેઠા તમે, શી રીતે એમાં તમે હો ! હું તો જ્ઞાતા-દ્રષ્ટાવાળો. વિજ્ઞાન તમને સમજાયું આ બધું ? કોઈ હલાવી ના શકે એવું વિજ્ઞાન છે.

એ કર્તાપણું પછી પુદ્ગલનું રહ્યું, તમે તો જ્ઞાતા થયા પછી તમારું કર્તાપણું રહ્યું જ નહીં ને ! જે કરે તે જાણે નહીં ને જાણે તે કરે નહીં. કર્તાભાવ ને દ્રષ્ટાભાવ બે જુદા છે. મને આ થયું, હું કરું છું, એવું નહીં પણ 'મેં આ જાણ્યું' રહે, જ્ઞાતા-દ્રષ્ટા રહે, તો કૉઝ ના પડે.

**પ્રશ્નકર્તા :** આપે પદ તો જ્ઞાતા-દ્રષ્ટાનું આપ્યું ને ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** તો આપ એવું કહેતા હતા કે અમારા મહાત્માઓને દ્રષ્ટા હોય અને અમારે જ્ઞાતા-દ્રષ્ટા પદ હોય.

**દાદાશ્રી :** હા, તમારે દ્રષ્ટા હોય. દર્શન ખૂલ્યું ને, એટલે દ્રષ્ટા હોય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાતાપદ ના હોય ?

**દાદાશ્રી :** હવે જ્ઞાતા એ અનુભવ થતો થતો થાય. જેટલો અનુભવ થાય એટલો જ્ઞાતા રહેવાય.

આમને કો'કે ગાળ ભાંડી, તે ઘડીએ હાલી

જવાય પણ પાછું મનમાં એમ લાગે કે ના, એ જેને ભાંડી તે મારું સ્વરૂપ નથી. એટલે અનુભવ થયો એટલે ફરી પાછું એ થોડું વધારે રહે બીજી વખતે. એ પછી જ્ઞાનમાં રહેતું રહેતું રહેતું જ્ઞાતાપદમાં આવે.

**પ્રશ્નકર્તા :** એટલે જેમ જાગૃતિ વધે તેમ જ્ઞાતાપદ વધે ?

**દાદાશ્રી :** જાગૃતિ તો છે જ, પણ પેલા હિસાબ છે ને, તે હિસાબ ચૂકતે કર્યા વગર જાગૃતિ રહે નહીં. હિસાબ જેમ ચૂકતે થતો જાય, તેમ જ્ઞાન વધતું જાય. દર્શન-જ્ઞાન ભેગા થાય, એનું નામ ચારિત્ર્ય. તે ઘડીએ મહીં તપની જરૂર પડે. અનુભવ તો તે વખતે ચરર ચરર મહીં બોલે, જેમ પટ્ટી ઉખાડતા હોય તો વાળ-વાળ સાથે લઈને ઉખડે ને ! મહીં તપી જાય હૃદય, ખરેખરું તપી જાય એ અદીઠ તપ. અદીઠ તપ દેખાય નહીં કોઈને.

મોઢા ઉપરથી ખબર પડે, પણ અદીઠ તપ બહાર દેખાય નહીં. અને આ લોકો બાહ્ય તપ કરે, એનું ફળ સંસાર ફળ અને અદીઠ તપનું મોક્ષ ફળ. જગતને અદીઠ તપ હોય જ નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, અમને તો વાર લાગવાની ને ? હજુ અમારે તો દ્રષ્ટાપદ જ રહેવાનું ને ?

**દાદાશ્રી :** દ્રષ્ટાપદ તો બહુ ઊંચું પદ કહેવાય.

**પ્રશ્નકર્તા :** ના, એટલે અમારે તો દ્રષ્ટાપદ જ રહેવાનું ને કે જ્ઞાતાપદ આવશે ?

**દાદાશ્રી :** દ્રષ્ટાપદ તો રહે. પણ પાછું જ્ઞાતાપદમાં પેસતો જાય ને આખો દહાડો. એટલે નિરંતર પુરુષાર્થ ચાલુ છે ને !

**પ્રશ્નકર્તા :** એટલે આવ્યા જ કરવાનું ?

**દાદાશ્રી :** પુરુષાર્થ નિરંતર ચાલુ જ હોય, પુરુષ થયા પછી. અને પાંચ આજ્ઞા એટલા જ માટે આપી છે, પુરુષાર્થ કરાવવા માટે જ. નિરંતર પુરુષાર્થ ચાલુ જ હોય. સંયમના પરિણામો જ થયા કરે. લોકોય જુએ કે હમણાં તો વઢમ્‌વઢા કરતા'તા ને, મતભેદ ને ભાંજગડો થઈ ગઈ'તી ને પાછા ફરી ભેગા થઈને ખાય છે, પીવે છે બધું, શું થઈ ગયું આ ? એ સંયમ પરિણામ.

## દેખાડે એ પ્રજ્ઞા

પ્રજ્ઞા જ જુએ ઠેઠ સુધી. પ્રજ્ઞા જ દેખાડે બધું આપણને.

**પ્રશ્નકર્તા :** હું દસ વર્ષનો હતો ત્યારે મેં શું શું કરેલું એ દેખાડે. બાર વર્ષનો હતો તે દેખાડે ફોટા બધા આમ, ફિલ્મની પેઠ દેખાડે. તો એ ફિલ્મ જે દેખાડે છે એ પ્રજ્ઞા દેખાડે છે ?

**દાદાશ્રી :** પ્રજ્ઞા એટલે આત્મા જ દેખાડે છે કહેવાય. પણ છેવટે (કેવળજ્ઞાન થયા) પછી પ્રજ્ઞા બંધ થઈ જાય છે. પ્રજ્ઞા છે ત્યાં સુધી શુદ્ધાત્મા અને આત્મા એ પરમાત્મા. છે એક જ, પણ આ પદે આવ્યા પછી પેલું (બંધ) થઈ જાય !

**પ્રશ્નકર્તા :** કાલે એ રડતા હતા તો એને દેખાય કે આ ચંદુભાઈ રડે છે, પણ પાછા અંદરથી, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' ચાલુ હતું તો એ ચંદુભાઈને જોતું હતું તે કોણ અને 'અસીમ જય જયકાર' બોલતું હતું કોણ ?

**દાદાશ્રી :** એ તો અંદર રેકર્ડ ચાલુ જ રહે છે.

**પ્રશ્નકર્તા :** એટલે અંદર પેલી 'ઑરિજિનલ ટેપ' ચાલુ જ હોય ?

**દાદાશ્રી :** એ તો અમુક ટાઈમ ચાલુ જ હોય છે. એટલે એ બોલે એ બોલનારો જુદો અને તે આ ચંદુભાઈને જોનાર !

**પ્રશ્નકર્તા :** ચંદુભાઈને જોનાર એ શુદ્ધાત્મા ?

**દાદાશ્રી :** ચંદુભાઈ જે આ કરી રહ્યા છે ને, એને જોનાર બુદ્ધિ છે.

**પ્રશ્નકર્તા :** તો પછી જ્ઞાતા-દ્રષ્ટા કેવી રીતે થયા, જો બુદ્ધિ જોતી હોય તો ?

**દાદાશ્રી :** જ્ઞાતા-દ્રષ્ટા તો આ બધાને જોનારા છે એ, જ્ઞાતા-દ્રષ્ટા આ બધાને એટ એ ટાઈમ જાણે છે તે. આ મહીં વાગે છે તેને, આ બોલાય છે તેને, એ બધાને એટ એ ટાઈમ જાણે છે.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ શું કરે છે, એ શુદ્ધાત્મા જુએ છે ?

**દાદાશ્રી :** એ બુદ્ધિને જુએ છે, મન શું કરે છે તે જુએ, વાણી છે તે, પછી અહંકાર શું કરે છે, એ બધાને જુએ.

**પ્રશ્નકર્તા :** એ જ્ઞાતા-દ્રષ્ટાથી જુએ છે ને ? એ જે જુએ છે એ જ્ઞાતા-દ્રષ્ટા કે કેમ ?

**દાદાશ્રી :** હા. એ જ આત્મા.

**પ્રશ્નકર્તા :** અને જે ચંદુભાઈને જુએ છે એ બુદ્ધિ ?

**દાદાશ્રી :** એ બુદ્ધિ જુએ અને બુદ્ધિને જુએ છે તે આત્મા. બુદ્ધિ શું કરી રહી છે, મન શું કરી રહ્યું છે, અહંકાર શું કરી રહ્યો છે, બધાને જાણનાર તે આત્મા. આત્માની આગળ પરમાત્માપદ રહ્યું. શુદ્ધાત્મા થઈ ગયો તે પરમાત્મા ભણી ગયો અને પરમાત્મા થયો તેને કેવળજ્ઞાન થઈ જાય. કેવળજ્ઞાન થયું તે થઈ ગયો પરમાત્મા. ફુલ થયો, નિર્વાણપદને લાયક થઈ ગયો. એટલે જોવા-જાણવાનો ઉપયોગ રાખવો જોઈએ, આખો દિવસ.

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે શુદ્ધાત્મા પછી આગળ પરમાત્માપદ છે ?

**દાદાશ્રી :** શુદ્ધાત્મા એ જ પરમાત્મા છે, પણ આ અહીં આગળ હજી સુધી આ આમાં કેવળજ્ઞાન થયું નથી. તો એ શુદ્ધાત્માને કેવળજ્ઞાન થયું એટલે થઈ ગયો પરમાત્મા !

## જોનારનોય જોનારો

**પ્રશ્નકર્તા :** આપ કહો છો ને કે અમે જ્ઞાન આપીએ એટલે આત્મા અને દેહને છૂટા પાડી આપીએ છીએ, તો આ બન્નેને જુદો પાડનારો જુએ છે કોણ ?

**દાદાશ્રી :** બે વસ્તુ છે જોનારી. એક તો પ્રજ્ઞા છે અને પ્રજ્ઞાનું કામ પૂરું થઈ ગયા પછી આત્મા છે. આત્મા જ્ઞાયક તરીકે રહે છે. પ્રજ્ઞાથી માંડીને આત્મા સુધીનો જોનાર છે. પ્રજ્ઞાનું કામ પૂરું થાય એટલે આત્મા પોતે, જ્ઞાયક તરીકે થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** આત્માનું જે સ્વરૂપ છે, દર્પણની માફક. દર્પણ કંઈ બહાર આવતું નથી જોવા માટે. દર્પણની અંદર દ્રશ્યો બધા ઝળકે છે આમ. એવું આત્માના સ્વરૂપની અંદર તો બધી વસ્તુઓ ઝળકે છે ને, આમ ?

**દાદાશ્રી :** એ ઝળકે છે ને જુદું છે, પણ આ તો જ્ઞાયક ! એટલે આ અત્યારે જ્ઞાતા કોણ છે ? એ પેલી પ્રજ્ઞાશક્તિ છે. હા, કારણ કે કાર્યકારી છે. મૂળ આત્મા કાર્યકારી ના હોય. આ સંસાર છે ત્યાં સુધી કાર્યકારી શક્તિ ઊભી થઈ છે, પ્રજ્ઞા. એ પ્રજ્ઞા બધા કાર્યો પૂરા કરી આટોપીને પછી મોક્ષે જાય.

**પ્રશ્નકર્તા :** એટલે મોક્ષના દરવાજા સુધી મદદ કરવા માટે આ પ્રજ્ઞા છે ?

**દાદાશ્રી :** દરવાજા સુધી નહીં, મોક્ષમાં ઠેઠ સુધી બેસાડી દે. હા, પૂર્ણાહુતિ કરી આપનાર એ પ્રજ્ઞા. જબરજસ્ત શક્તિઓ છે. ગમે એવા કષ્ટો આવે તોય પણ કષ્ટ ગભરાય એટલી બધી શક્તિઓ. એટલી વધેલી દેખે કે કષ્ટ ગભરાય.

**પ્રશ્નકર્તા :** જેટલું જોવાનું થાય છે એટલું આ અડતું નથી અને ભળી જાય તો પછી લાગી આવે છે.

**દાદાશ્રી :** જેટલું જોવાનું બને એટલું જોવાનું અને બીજું ના જોઈ શકાય એના પ્રતિક્રમણ કરવાના.

**પ્રશ્નકર્તા :** અત્યારે અમે બેઠા અને આખા દહાડાનું જોવા બેઠા હોઈએ, ત્યારે બધું દેખાય અને તે ઘડીએ એવું પણ દેખાય કે અમે આગળનું જોવા બેઠા છીએ.

**દાદાશ્રી :** હં. પછી ?

**પ્રશ્નકર્તા :** એટલે આ શું છે ? જે જુએ છે, તેનેય પાછો જુએ છે.

**દાદાશ્રી :** એ જે છેલ્લામાં છેલ્લો જોનારો તે જ આપણે છીએ. એ જોનારની ઉપર કોઈ જોનાર રહ્યા નહીં. અને આ જે જોનાર છે, એ એની પાછળ છેલ્લામાં છેલ્લો જોનાર હોય.

**પ્રશ્નકર્તા :** એટલે જોનારની ઉપર પણ જોનાર હોય છે ?

**દાદાશ્રી :** આ જે જોનાર છે એની ઉપર જોનાર હોય જ ને !

**પ્રશ્નકર્તા :** એ એની ઉપર પણ જોનાર હોય ?

**દાદાશ્રી :** પછી એની ઉપર જોનાર નહીં. જોનારથી ઉપર કોઈ જોનાર નહીં. ખરો જોનાર તે જ આત્મા.

**પ્રશ્નકર્તા :** એટલે આ આખા દિવસનું જોવાની પ્રક્રિયા હતી તો એને જોનારો જે છે, એને પણ જોનારો બીજો હોય છે એમ ? તો પહેલો જોનારો કોણ છે ?

**દાદાશ્રી :** એ છે તે ઉપાદાન કહો, બુદ્ધિ કહો કે અહંકાર કહો, ને તેને પણ જોનારો.

**પ્રશ્નકર્તા :** એ કોણ ?

**દાદાશ્રી :** એ આત્મા, જોનારનેય જાણે.

**પ્રશ્નકર્તા :** તો આમાં પ્રજ્ઞા ક્યાંથી આવી ?

**દાદાશ્રી :** એ જ પ્રજ્ઞા ને ! મૂળ આત્મા તો મૂળ આત્મા જ છે.

**પ્રશ્નકર્તા :** એટલે આખા દિવસનું જોનારો એ અહંકાર કહેવાય અથવા ઉપાદાન કહેવાય ?

**દાદાશ્રી :** બુદ્ધિ, અહંકાર, અજ્ઞાશક્તિ.

**પ્રશ્નકર્તા :** બરોબર. દાદા, હમણાં હું સવારનું જોવા બેઠો, તો અત્યારનું જોવાનું રહી જાય છે, હું પહેલાનું જોઉં છું હમણાં.

**દાદાશ્રી :** પણ જુએ છે ખરો ને ! એ જ તું આત્મા છું, પછી શેને જોવાનું રહી જાય છે ત્યાં ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપે આત્મા સ્વ-પર પ્રકાશક છે, તે આને લઈને કહ્યું છે ? સ્વ-પર પ્રકાશક છે, એ પોતાનેય પ્રકાશમાન કરે છે ?

**દાદાશ્રી :** બીજું શું ? જે જોનાર છે તેની ઉપરેય જોનાર હોય. તે જોનાર ઉપર જોનારો આત્મા જ્ઞાતા કહેવાય અને જાણવાની વસ્તુ બધી જ્ઞેય કહેવાય ને જોનાર દ્રષ્ટા હોય ત્યારે આ દ્રશ્ય હોય.

**પ્રશ્નકર્તા :** જોનારાની ઉપર જોનારો છે, તો પછી મૂળ આત્માનું ફંક્શન કેવી રીતે હોય છે આમાં ?

**દાદાશ્રી :** આ લોકો જુએ જ છે ને બધા. આખી દુનિયા જુએ છે ને જાણે છે ને ! એમને કહીએ કે તમે જોતા-જાણતા નથી, ત્યારે કહે, અત્યારે શું કરીએ છીએ અમે ? આખો ફોર્ટ વિસ્તાર જોયો, ફલાણું જોયું, ફલાણું જોયું. પણ એ જોનારનેય જાણવાનો છે. આ જોનારને જાણનાર છે પાછો !

**પ્રશ્નકર્તા :** આ જોનારને જાણવાનું છે ?

**દાદાશ્રી :** આ જોનારને જે જુએ છે અને જાણનારને જાણે છે એવો મૂળ આત્મા.

**પ્રશ્નકર્તા :** એને આપણે પ્રજ્ઞા કહી અત્યારે.

**દાદાશ્રી :** હં, પ્રજ્ઞા.

**પ્રશ્નકર્તા :** તો પછી મૂળ આત્માનું એથી આગળનું ફંક્શન શું રહ્યું ?

**દાદાશ્રી :** ના. એથી આગળ કશું નહીં. બસ, ત્યાં એન્ડ. કોઈ કોઈને લેવાદેવા નથી, કોઈ કોઈને હેલ્પ કરતું નથી, કોઈ કોઈને કંઈ જ છોડવાનું નથી, એવા આ તત્ત્વો ! ટંકોત્કીર્ણ સ્વભાવના. ક્યારેય પણ એકાકાર થયા નથી, જુદા ને જુદા રહે. જેમ તેલ ને પાણી બે ભેગા થયા હોય, પણ બે જુદા તે જુદા જ હોય તેમાં.

## પૂર્ણતા પામવા પાળવી પાંચ આજ્ઞાઓ

**પ્રશ્નકર્તા :** જે કંઈ આપણે જોઈએ છીએ ને જાણીએ છીએ એ એક વાત છે અને બીજી બાજુ આપણે જ્ઞાતા-દ્રષ્ટા થવું છે એ બીજી વાત છે. આ જોનારો-જાણનારો અને પેલો જોનારો-જાણનારો જુદી વસ્તુ છે ?

**દાદાશ્રી :** હા, બરોબર છે.

**પ્રશ્નકર્તા :** તે આ જોનારા-જાણનારામાંથી પેલા જોનારા-જાણનારા ઉપર ટ્રાન્સફર કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** આ જોનારો-જાણનારો છે ને, એની બધી જ ક્રિયાને એ જાણે, એ આ જ્ઞાતા-દ્રષ્ટા.

**પ્રશ્નકર્તા :** એટલે ટૂંકમાં અત્યારે આ અહંકાર છે એ જોનારો-જાણનારો છે અને અહંકારની ક્રિયા જાણે...

**દાદાશ્રી :** હું શું કરી રહ્યું છે, મન શું કરી રહ્યું છે, બુદ્ધિ શું કરી રહી છે !

**પ્રશ્નકર્તા :** બરાબર છે. એ વાત સાચી છે આપની. પણ અત્યારે પણ આપણે એનો અનુભવ તો થાય છે કે આવું થઈ રહ્યું છે. જેને આપણે જ્ઞેય બનાવ્યું છે. હવે આ મન-વચન-કાયા અને અહંકાર પણ એ ખરેખર તો આપણે એમ કહીએ છીએ ને કે હજુ મૂળ આત્મા જોતો-જાણતો નથી. આત્મા તો આઘો છે એનાથી.

**દાદાશ્રી :** તે આ એનો વિષય ન્હોય. આ તો આ જે ઈન્દ્રિય દૃષ્ટિથી દેખાય છે, એમનો આ વિષય નથી.

**પ્રશ્નકર્તા :** જોવા-જાણવાની શક્તિ મૂળ આત્માની જ છે ?

**દાદાશ્રી :** હં. પણ અત્યારે આ વચ્ચે મીડિયમ પ્રજ્ઞાનું છે.

**પ્રશ્નકર્તા :** અત્યારે મીડિયમ થ્રુ જાણે છે, પણ જાણે છે એ જ ?

**દાદાશ્રી :** બીજું કોણ જાણે તે ? પણ આ પ્રજ્ઞાના મીડિયમ થ્રુ એ જાણે છે.

**પ્રશ્નકર્તા :** તો એને ખબર પહોંચતી જ નથી ?

**દાદાશ્રી :** એને મૂળ આત્માને કશું લેવાય નહીં ને દેવાય નહીં ! એ તો વીતરાગ છે. અને આ શું થઈ રહ્યું છે તે બધું, આ મીડિયમ ઊભું થયું છે, પ્રજ્ઞાશક્તિ તે જાણે છે.

**પ્રશ્નકર્તા :** એટલે એ જે જ્ઞાતા છે, એને આ જ્ઞેયની કોઈ પણ અસર ના થાય ?

**દાદાશ્રી :** હોય જ નહીં, સંગ કોઈ અડે નહીં. કોઈ વસ્તુ એને અડે નહીં. ભાવોથી નિર્લેપ, સંગથી અસંગ !

**પ્રશ્નકર્તા :** ખાલી એને જોવાનો-જાણવાનો જ એક એનો પોતાનો સ્વધર્મ છે ?

**દાદાશ્રી :** જ્ઞાતા-દ્રષ્ટા જ સ્વભાવ. અહીં લાઈટ થયેલી હોય ને, તે બસ, જુએ. એ લાઈટમાં જો જીવ હોત તો જોયા કરત.

**પ્રશ્નકર્તા :** આત્માનો ઉપયોગ થતો હશે ?

**દાદાશ્રી :** ના થાય એવું હોતું હશે ? પેલા

વિચાર આવે તેને જાણી જાવ, મહીં ગુસ્સો આવે તેને તમે જાણી જાવ ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હં. એમ પાછું મૂળ ઠેઠને પહોંચતું નથી, એ પ્રજ્ઞાને પહોંચે છે. કારણ કે આ વચગાળાનું જ્ઞાન છે, પેલું તો તદ્દન જ્ઞાતા-દ્રષ્ટા !

**પ્રશ્નકર્તા :** હા, ઠેઠ પહોંચતું નથી. વાત જ ત્યાં છે ને ? મારો એ જ પૉઈન્ટ છે કે એને ઠેઠ પહોંચે કેવી રીતે ?

**દાદાશ્રી :** આમ પ્રજ્ઞામાં આવ્યા પછી જ મૂળને પહોંચે.

**પ્રશ્નકર્તા :** એનું કયું સાધન છે ?

**દાદાશ્રી :** પાંચ આજ્ઞા એ જ મોટું સાધન છે. પહેલું ઈન્દ્રિય જ્ઞાનથી દેખાય. પછી બુદ્ધિ જ્ઞાનથી દેખાય ને પછી છે તે પ્રજ્ઞાથી દેખાય ને પછી આત્માથી.

**પ્રશ્નકર્તા :** પણ આ મૂળ આત્મા જે જ્ઞાતા છે તેનો, જ્ઞાતાનો જ્ઞેયો સાથેનો સંબંધ કેવો છે ?

**દાદાશ્રી :** જ્ઞાન પાછું જ્ઞેયને જુએ એટલે જ્ઞાનાકાર થઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ આ જે જ્ઞાતા છે, મૂળ આત્મા, એ તો કંઈ જ્ઞેયાકાર થતો જ નથી ને ?

**દાદાશ્રી :** એને કશુંય લેવાદેવા નથી. આ ઠેઠ સુધી પ્રજ્ઞા. અને કેવળજ્ઞાન થાય એટલે ભેગું, પ્રજ્ઞાય ચાલી જાય.

**પ્રશ્નકર્તા :** એટલે આત્મા તો કેવળજ્ઞાન થાય ત્યારે જ કામમાં આવે, ત્યાં સુધી નહીં ?

**દાદાશ્રી :** ના. ત્યાં સુધી મૂળ જ્ઞાતા-દ્રષ્ટા ના થાય. આપણે જરૂરેય નથી. એ તો કેવળજ્ઞાન તો એની મેળે આવે છે. એ માગવાય જવું ના પડે. જેમ વડોદરાની ગાડીમાં ટિકિટ-બિકિટ લઈને બેઠા પછી વડોદરા સ્ટેશન એની મેળે આવે, એવી રીતે. તમારે તો ગાડીમાં બેસવાની જરૂર. બેસી ગયા અને આ આજ્ઞા પાળવાની કે ભઈ, કોઈ સ્ટેશને ઉતરી ના પડશો. કોઈ જગ્યાએ ચા-પાણી સારા મળે માટે કંઈ ત્યાં ઉતરી પડશો નહીં. તમને આ ભાઈ કહે તોય કહીએ, 'અહીં ઉતરવાનું નથી. હેંડો, પાછા બેસી જાવ !' આ તો કહે કે 'આવો, પેલી કૅન્ટીન સારી છે.' તોય આપણે 'ના' કહેવું.

**પ્રશ્નકર્તા :** પાંચ આજ્ઞા બરાબર પાળવા છતાં કૅન્ટીનમાં જાય તો ?

**દાદાશ્રી :** તો વાંધો નહીં. પાંચ આજ્ઞા પાળતો હોય તો ગમે ત્યાં જાય, બંધન નથી એને. પણ પાંચ આજ્ઞા પાળતો હોય, તે કોઈ સ્ટેશને ઉતરે જ નહીં ને !

## આજ્ઞા સમજે તે સમજ્યો સર્વ

**પ્રશ્નકર્તા :** આ પાંચ આજ્ઞામાં રહેવું છે, એવો જે ભાવ કરે અને આજ્ઞાને બરોબર સમજી લે, તો એ બેમાં ફળ કોનું વહેલું મળે ?

**દાદાશ્રી :** આજ્ઞા સમજી લે ને, તે એના જેવું તો એકુંય નહીં ! સમજ્યા પછી એની મેળે સહેજે પળાય અને સમજ્યા વગરની આજ્ઞા પાળવા જાય તો ભલીવાર ના આવે. છતાંય મહાત્માઓ કંઈક ને કંઈક કરશે, એની પાછળ પડ્યા છે ને !

**પ્રશ્નકર્તા :** એટલે હવે માત્ર આજ્ઞા એક્ઝેક્ટ સમજવાની છે અને જે આત્મા પૂર્ણ સ્વરૂપે છે એને પણ એક્ઝેક્ટ સમજવાનો છે.

**દાદાશ્રી :** આત્મા તો મેં આપી દીધેલો જ છે. આ આજ્ઞા સમજે તો આત્મા બધો એની પાસે સમજેલો જ હોય. એટલે હવે આજ્ઞા એ જ ધર્મ ને આજ્ઞા એ જ તપ. પણ એ તો તમને નવરાશ મળે જ નહીં ને કોઈ દહાડો ?

**પ્રશ્નકર્તા :** આજ્ઞા વસ્તુ એવી છે કે એમાં ટાઈમ ફેક્ટરની જરૂર જ નથી.

**દાદાશ્રી :** હા, એમાં ટાઈમ ફેક્ટર જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** જ્યારથી અનુસંધાન તૂટ્યું હોય તો ત્યાંથી ફરી સાંધીને પણ આજ્ઞા ચાલુ રખાય એવું છે.

**દાદાશ્રી :** હા, સાંધી લે.

**પ્રશ્નકર્તા :** દાદાનું જે સાયન્સ છે એ પહેલા સમજે તો પાંચ આજ્ઞામાં રહી શકાય કે પાંચ આજ્ઞા સમજે તો દાદાના વિજ્ઞાનની શરૂઆત થાય છે ?

**દાદાશ્રી :** પહેલું વિજ્ઞાન સાંભળે અને સમજે, ત્યાર પછી એનું રક્ષણ કરવા માટે પાંચ આજ્ઞા છે. પેલું વિજ્ઞાન ખોવાઈ ન જાય, એટલા માટે પાંચ આજ્ઞા છે.

**પ્રશ્નકર્તા :** હવે આ જે મન-બુદ્ધિ-ચિત્ત એને આપણે ક્યારે સમજી શકીએ ? જ્યારે સંપૂર્ણ પાંચ આજ્ઞામાં રહેતો હોય તો પછી એની પર ઉપયોગ આવી શકે ને ?

**દાદાશ્રી :** એવો ઉપયોગ ના રહે તો કશો વાંધો નથી. મન-બુદ્ધિની આપણને જરૂર નથી. પાંચ આજ્ઞામાં રહે ને, તો ફાવી ગયા. પાંચ આજ્ઞા પાળે તો બહુ થઈ ગયું. મન-બુદ્ધિની કંઈ જરૂર જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** ઘણીવાર એમ થાય કે દાદાનું પહેલા વિજ્ઞાન સમજી લઈએ તો પછી આજ્ઞા 'ઑટોમૅટિક' પળાય એવું છે !

**દાદાશ્રી :** પાળવા માંગે તો પળાય. એ પોતે માને, નિશ્ચય હોય તો પળાય. વિજ્ઞાન પૂરું સમજી લે, તો આજ્ઞા પાળવાની શક્તિ ઉત્પન્ન થાય.

## પ્રજ્ઞાની હાજરીમાં આજ્ઞા પાળીએ

આજ્ઞાની બહાર ચાલે છે તું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ચાલે છે કોણ, ને ખબર કોને પડે છે ?

**પ્રશ્નકર્તા :** ચાલે છે ભમરડો, ને ખબર પડે છે પ્રજ્ઞાશક્તિને. પણ જ્ઞાન મળ્યા પછી જે પ્રજ્ઞાશક્તિ ઊભી થઈ તે આજ્ઞા પાળવા ચેતવે નહીં ?

**દાદાશ્રી :** પ્રજ્ઞાશક્તિ બધા ખૂણામાં ચેતવે. પણ ગાંઠે નહીં એટલે આવરણ ફરી વળે.

**પ્રશ્નકર્તા :** ગાંઠતું કોણ નથી ?

**દાદાશ્રી :** આખું અંતઃકરણ ! મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર, આખું અંતઃકરણ ! આવું સરસ જ્ઞાન મળ્યું છે તોય લાભ ના ઉઠાવે તો થઈ જ રહ્યું ને ! આ પાંચ વાક્યોમાં એડજસ્ટ ના થતું હોય તો સમજી જવું કે વાંકી બુદ્ધિ કામ કરી રહી છે. પાંચ જ વાક્યોમાં રહેવા જેવું છે. બીજું બધું ભૂંસી નાખવા જેવું છે, તોય ઉખેડ ઉખેડ કરે છે. અમારી આપેલી આજ્ઞા વાપરે તો કોઈ જગ્યાએ હેરાન ના કરે.

**પ્રશ્નકર્તા :** પ્રજ્ઞાશક્તિનો એટલો વિકાસ થાય છે કે આજ્ઞાઓ મહીં બધી વણાઈ જાય છે ?

**દાદાશ્રી :** વણાઈ જાય, પ્રજ્ઞાશક્તિ પકડી જ લે. આ પ્રજ્ઞા છે તેથી તો અમે કહીએ છીએ કે આ આજ્ઞા પાળે ને પ્રજ્ઞા હોય, પ્રજ્ઞા તો છે પણ આજ્ઞા પાળતા નથી, નહીં તો આજ્ઞા પાળે ને, એટલે મુક્ત પુરુષ જ કહેવાય એ. સંસારમાં રહેવા છતાં સંપૂર્ણ પ્રકારે મુક્ત ! નિરંતર જાગૃતિ હોય, એક ક્ષણ પણ જાગૃતિ ડોલે નહીં.

આપણા પાંચ વાક્યોમાં બધું આવી જાય છે, આખા વર્લ્ડનું સાયન્સ આવી જાય છે. આ પાંચ આજ્ઞામાં એટલું બધું બળ છે કે ભગવાનના, તીર્થંકરોના પિસ્તાળીસેય આગમો આ (પાંચ) આજ્ઞામાં આવી ગયા છે.

**- જય સચ્ચિદાનંદ**

| Atmagnani Pujya Deepakbhai's Australia-New Zealand-Hong Kong Satsang Schedule - 2026 | | | | | |
|---|---|---|---|---|---|
| **Date** | **Day** | **Session** | **From** | **To** | **Venue & Contact No.** |
| **PERTH - AUSTRALIA** | | | | | |
| 18 Sep | Fri | Aptaputra Satsang | 7:30 PM | 9:30 PM | **Shree Jalaram Sanatan Mandir & Community Centre**, 4 Accomplish Way, Gnangara WA 6077, **Australia** +61 425255677 +61 416330471 |
| 19 Sep | Sat | Satsang | 7:30 PM | 9:30 PM | **Vasto Club** 5 Vasto Place, Balcatta, **Perth**, WA 6021, **Australia** +61 425255677 +61 404596584 |
| 20 Sep | Sun | Aptaputra Satsang | 11:00 AM | 12:30 PM | |
| | | **Gnanvidhi** | 4:00 PM | 8:00 PM | |
| 21 Sep | Mon | Satsang | 7:30 PM | 9:30 PM | |
| **SYDNEY - AUSTRALIA** | | | | | |
| 25 Sep | Fri | Aptaputra Satsang | 11:00 AM | 12:30 PM | **Centre for Oneness Sydney (Nirankari Bhawan)** 166 Glendenning Road Glendenning NSW 2761, **Australia** +61 435574407 +61 402179706 |
| | | Satsang | 7:30 PM | 9:30 PM | |
| 26 Sep | Sat | Aptaputra Satsang | 11:00 AM | 12:30 PM | |
| | | **Gnanvidhi** | 4:00 PM | 8:30 PM | |
| 27 Sep | Sun | Satsang | 5:00 PM | 7:00 PM | |
| 28 Sep 1 Oct | Mon Thu | **All Day** | **Sydney Shibir** | | Prior Registration Required |
| **AUCKLAND - NEW ZEALAND** | | | | | |
| 3 Oct | Sat | Satsang | 7:00 PM | 9:00 PM | **Shri Shirdi Sai Baba Sansthan** 12-18 Princess Street, Onehunga Auckland - 4118, **New Zealand** +64 222323269 |
| 4 Oct | Sun | Aptaputra Satsang | 11:00 AM | 12:30 PM | |
| | | **Gnanvidhi** | 4:00 PM | 8:00 PM | |
| 5 Oct | Mon | Satsang | 7:00 PM | 9:00 PM | |
| **HONG KONG** | | | | | |
| 9 Oct | Fri | Satsang | 8:30 PM | 10:00 PM | **BAPS Swaminarayan Mandir** 10th Floor, Unit F, Kaiser Estate, Phase 1, 41, Man Yue Street, Hung Hom, Hong Kong +852 51953530 |
| 10 Oct | Sat | Aptaputra Satsang | 11:00 PM | 12:30 PM | |
| | | Satsang | 8:30 PM | 10:00 PM | |
| 11 Oct | Sun | **Gnanvidhi** | 4:30 PM | 8:00 PM | |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ

**૮ નવેમ્બર** (રવિ) - રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ

**૧૦ નવેમ્બર** (મંગળ) - **નૂતન વર્ષ** નિમિત્તે વિશેષ કાર્યક્રમ

**૧૫ નવેમ્બર** (રવિ) સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**

## આણંદમાં પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૯મો જન્મજયંતી મહોત્સવ

**૧૯ થી ૨૩ નવેમ્બર** - ૨૨ નવેમ્બર - જ્ઞાનવિધિ, ૨૩ નવેમ્બર - જન્મજયંતી દિવસ ઉજવણી

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## જેક્સનવિલે : ગુરુપૂર્ણિમા મહોત્સવ : તા.૨૮ જુલાઈ થી ૨ ઓગસ્ટ ૨૦૨૬




## કલ્લાસ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૬ - ૭ ઓગસ્ટ ૨૦૨૬



સપ્ટેમ્બર ૨૦૨૬,
વર્ષ-૩૨, અંક-૧
સળંગ અંક-૩૭૩

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## પ્રજ્ઞા એ શું ?

આત્માથી જે પરાયું છે, તેને ક્યારેય પોતાનું ના થવા દે અને પોતાનું છે તે ક્યારેય પરાયું ન માનવા દે તે પ્રજ્ઞા ! પ્રજ્ઞા એ તો આત્માનું જ અંગ છે અને તે નિરંતર આત્માને મુક્તિ આપવાનું જ કાર્ય કરે. જેમ જેમ પ્રજ્ઞા ખીલતી જાય તેમ તેમ વર્તન બદલાતું જાય. વર્તન બદલાય એટલે બોજો ઓછો લાગે. 'પોતાનું' અને 'પરાયું' એમ હોમ ડિપાર્ટમેન્ટ અને ફોરેન ડિપાર્ટમેન્ટ બન્નેને છુટ્ટાં જ રાખે છે તે પ્રજ્ઞા છે, તે જ આત્મા છે, તે જ ચારિત્ર છે. વર્તન એ જ ચારિત્ર. વર્તન એટલે 'સ્વ' અને 'પર'ને એકાકાર ના થવા દે તે. અમે જ્ઞાન આપીએ છીએ તે સીધી જ અનુભૂતિ થાય છે, એને પરમાર્થ સમકિત કહે છે. તેથી પ્રજ્ઞાભાવ તે જ વખતે તમને ઉત્પન્ન થઈ જાય છે.

**- દાદાશ્રી**

DBF - Adalaj

માસિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એસ બી કાપડીઆ ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.